
આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૨૦

ડીસેમ્બર–૧૯૯૯

અંક : ૩



## * મને ભજ *

ઈશ્વરની સ્તુતિ કરવાથી ઈશ્વર પોતાના નિયમો છોડીને કાર્ય કરે છે તે પ્રશ્ન જ પેદા થતો નથી. એ જે કાંઈ કરે છે તે પોતાના નિશ્ચિત નિયમોને અનુસરીને જ કરે છે. પાપી અથવા અપરાધી પુરુષ ઈશ્વરનું શરણ લે, ઈશ્વરનું સ્મરણ કરે, અને પોતાના પાપકર્મ, દોષ અથવા અપરાધને માટે સાચા દીલથી પશ્ચાત્તાપ કરીને એનું પુનરાવર્તન ન કરવાનો સંકલ્પ કરે, તો ઈશ્વરની કૃપાથી પાપમુક્ત બની જાય છે. ઈશ્વરની દુનિયાનો એ પણ એક પ્રસ્થાપિત પરંપરાગત નિયમ જ છે. ગીતામાં સ્પષ્ટ શબ્દોમાં નિશ્ચયાત્મક રીતે કહેવામાં આવ્યું છે કે કોઈ સુદુરાચારી પણ જો મને અનન્યભાવે ભજે છે, તો તે સત્પુરુષ જ કહેવાય છે. એ થોડા જ વખતમાં ધર્માત્મા બને છે, સનાતન શાંતિને મેળવી લે છે. હે અર્જુન ! મારો ભક્ત કદી વિનાશ પામતો નથી. મારું શ્રદ્ધાભક્તિપૂર્વકનું શરણ લઈને પાપયોનિમાં જન્મેલા જીવો, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો પણ સર્વોત્તમ પદને પામી લે છે. તો પછી સત્કર્મપરાયણ, શીલવાન, સદાચારી, બ્રાહ્મણો, ભક્તો અને રાજર્ષિઓનું તો કહેવું જ શું? આ પરિવર્તનશીલ, અનિત્ય, સંપૂર્ણ સુખશાંતિથી રહિત મૃત્યુલોકને મેળવીને મને જ ભજ. જે ઈશ્વરનું શરણ લે છે તે સ્વાભાવિક રીતે જ એમની મદદ મેળવે છે. મુક્તિની પ્રાપ્તિ માટે આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ, ભગવદ્નામસ્મરણ, પ્રાર્થના, આત્મજ્ઞાન, સંતકૃપા તથા ઈશ્વરના અસાધારણ અલૌકિક, અમોઘ અનુગ્રહનાં સાધનો મુખ્ય છે.

યોગેશ્વરજી

RNI No. 26/267/99 R–II

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રીયોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૯ |
| શિબિરનો શિવસંકલ્પ | તંત્રી | ૧૧ |
| શ્રી રેવાશંકરભાઇની ભાવસૃષ્ટિ | કલ્યાણ | ૧૫ |
| સર્વરોગ નિદાનયજ્ઞ | ડો. બી. જે. જાગાણી | ૧૮ |
| શ્રી આસિતભાઇ અને હેમાબેન | કલ્યાણ | ૨૩ |
| નવા વર્ષનો પૂ. માનો સંદેશો | તંત્રી | ૨૮ |
| સ્વર્ગારોહણનો અનોખો આત્મિક ઉત્સવ | તંત્રી | ૨૯ |
| નૂતનવર્ષની ઉજવણી | નારાયણ હ. જાની | ૩૪ |
| પ્રણામલીલા | કલ્યાણ | ૩૮ |
| યજ્ઞોપવીત સમારંભ | તંત્રી | ૪૪ |
| ત્રિકાળ વંદના | કલ્યાણ | ૪૬ |
| ૧૮૦૦ દિવસના નિર્જળા પૂરા થયા | નારાયણ હ. જાની | ૪૮ |
| પૂ. માનો ૫૭ મો જન્મદિન | તંત્રી | ૫૧ |
| સ્વર્ગારોહણના વિવિધ કાર્યક્રમો | તંત્રી | ૫૬ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ ડીસેમ્બર–૧૯૯૯ અંક : ૩

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૨–૭–૮૧, બુધવાર, આષાઢ વદ પાંચમ, ૨૦૩૭,**

**સ્થળ : વડોદરા.**

પૂ. શ્રી પોતાના નિયમ પ્રમાણે આજે વળી ૮–૩૦ સુધી મંત્રજપ કરે છે. સર્વેશ્વરી પણ ૭–૩૦ થી ૮–૩૦ જપ કરી લે છે. પછી બંને લેખન કરે છે. પૂ. શ્રી રામાયણનું લેખન પલંગ પાસે નીચે પાથરેલી પથારી પર બેસીને શરૂ કરે છે. સર્વેશ્વરી શેત્રંજી (કારપેટ) ઉપર બેસીને ડાયરીનોંધ કરે છે. સમય તો ક્યાં પસાર થઇ જાય છે, તેનો ખ્યાલ પણ રહેતો નથી. સાડા અગિયારે પૂ. શ્રીનાં દ્વાર ખુલી જાય છે.

શ્રી કૈલાસબેન ભોજનની વસ્તુઓ લઇને અને કલ્યુ થાળી, વાડકી વગેરે લઇને આવી જાય છે. પૂ. શ્રી માટે બે પાટલા અને

એની એક બાજુ એક આસન મૂકવામાં આવે છે. પૂ. શ્રી મોટા પાટલા પર બેસીને સામે મૂકેલા નાના પાટલા ઉપરથી ભોજનની વાનગીઓ પીરસે છે. શાંતિથી ભોજન લઇ લે છે. આજે બાજરીનો રોટલો ને કઢી પૂ. શ્રી લે છે.

ભોજનબાદ રોજની જેમ મુલાકાત શરૂ થઇ. ચારથી પાંચ ભાઇઓ આવીને બેઠા હતા. વડોદરામાં પ્રવચનોની શરૂઆત કરવામાં શ્રી દીનુભાઇ (માધવ ડાઇનીંગ કલબવાળા) અને શ્રી બાબુભાઇ પટેલનો ફાળો છે, એ વાતની વિસ્તૃત ચર્ચા થઇ.

૧૯૪૫ માં પંડિત રામાશ્રય કર્મકાંડી બ્રાહ્મણ હોવા છતાં એણે પૂ. શ્રીને સહજ વાતમાં જ કહેલું કે તમારી પાછલી અવસ્થામાં એક શ્રદ્ધાળુ બેન આવશે ને તે તમારી સેવા કરશે. તો તે વાત ૧૯૭૯ માં સાચી પડી અને મા સર્વેશ્વરી સાથે જ મારા જીવનમાં આવ્યાં. સૌને આ વાત સાંભળીને આનંદ ને આશ્ચર્ય થયાં.

બીજી ખાસ વાતો ન થઇ. સમય થતાં સૌ વિદાય થયા. પૂ. શ્રીએ થોડો આરામ કરી લેખનકાર્ય કર્યું. આજે ૬ વાગ્યે એક બેન પોતાના પ્રશ્નો લઇને આવે છે. પૂ. શ્રી તેમની સાથે વાતો કરે છે. સમય થતાં પૂ. શ્રી મુલાકાતના ઓરડામાં આવે છે. પલંગ પર બેસે છે. સૌ પ્રણામ કરીને આવીને બેસે છે.

ગીતાપાઠ શરૂ થાય છે. ગીતાપાઠ પછી શ્રી વિજયભાઇ બ્રહ્માનંદનું એક ભજન ગવડાવે છે. વળી સર્વેશ્વરી પણ એક બ્રહ્માનંદનું જ પદ પૂ. શ્રીની આજ્ઞાથી ગવડાવે છે. થોડીવાર પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન** : ગીતામાં ભગવાને કહ્યું કે જે ભક્ત ન હોય, તપસ્વી



ન હોય ને સાંભળવા માંગતો ન હોય, તેને આ ગીતાજ્ઞાન કહીશ નહીં. તો પછી અધમનો ઉદ્ધાર કેવી રીતે થાય? તેને સંભળાવવામાં જ ન આવે તો?

**પૂ. શ્રી** : ભગવાન્ કહે, થોડો અધિકાર જોઇએ. જેનામાં થોડો પણ સદ્‌ભાવ હોય તેને જ્ઞાન આપવું. જે ભક્તિભાવ જગાડવા મથતો હોય તો તેને પણ જ્ઞાન આપવું. જે ભક્ત હોય કે ભક્ત થવાની તૈયારી કરતો હોય, તેને પણ જ્ઞાન આપવું. જે સંતનો દ્વેષ ન કરતો હોય તેને જ્ઞાન આપવું.

મોટામાં મોટી પાત્રતા એ કે તેને ગીતાનું જ્ઞાન સાંભળવાની ઇચ્છા છે! જો ઇચ્છા હોય તો જરૂર સંભળાવો. એ ઇચ્છામાંથી જ ધીરે ધીરે એનો સુધાર થશે. જેમ બાળક એક વાર પાસ ન થાય તો બીજે વરસે પાસ થાય એટલે કે વહેલો મોડો ઉદ્ધાર તો થાય જ ને!

**પ્રશ્ન** : સ્વપ્નાં સાચાં પડે છે ખરાં?

**પૂ. શ્રી** : ના, કોઇક જ સાચાં પડે છે. બધાં સ્વપ્નાં ખોટાં જ છે. આ આપણે હમણાં જીવી રહ્યા છીએ, તે પણ સ્વપ્ન જ છે ને. આ સ્વપ્ન ૫૦, ૮૦, ૧૩૦ વરસ મોટું કે લાંબુ ચાલે છે. પણ આપણામાં અજ્ઞાન છે એટલે આપણે આ વાત સાચી માનતા નથી. પેલું સ્વપ્ન સૂઇ જઇએ ત્યારે અડધા કલાકનું તો તે પણ સાચું નથી. આ પણ સાચું નથી. હા, જે સ્વપ્ન જુએ છે તે દ્રષ્ટાનો નાશ થતો નથી.

જે સ્વપ્નમાં જુએ કે જાગૃતિમાં જુએ એટલે કે જે જોનારો દ્રષ્ટા છે તે જ સાચો છે.

**પ્રશ્ન** : બધા ભગવાન કરતાં શ્રીકૃષ્ણમાં દિવ્યતા વધારે હતી?

એનાં નામ પણ અનેક, એનું નાગદમન, રાસલીલા, વસ્ત્રહરણ, મહાભારતનું યુદ્ધ એ બધી લીલાનું રહસ્ય શું તે સમજાતું નથી.

**પૂ. શ્રી** : ભગવાનના કર્મોથી માણસને પ્રેરણા મળે. ભગવાન શ્રીકૃષ્ણમાં દિવ્યતા તો વધારે હતી. શાસ્ત્રોમાં જે વર્ણન આવે છે તે અષ્ટસિદ્ધિ, નવનિધિ લઈને જ તે આવ્યા હતા. એમના જન્મ ને કર્મ દિવ્ય છે. જે તેને તત્ત્વથી જાણી લે છે તે સંસારસાગરને તરી જાય છે.

શ્રીકૃષ્ણના દરેક કર્મનાં રહસ્યો જાણવા જેવાં છે. ગોપીઓ સ્નાન કરવા સરોવરમાં ગઈ તો કપડાં બહાર કાઢીને ગઈ. તે વસ્ત્રો શ્રીકૃષ્ણે લઈ લીધાં. તમે જ કહો! સુરસાગરમાં કોઈ સ્ત્રી સ્નાન કરવા જાય ને તે કપડાં બહાર કાઢીને સ્નાન કરવા પડે, તે તમને યોગ્ય લાગે છે?

ના, તો ભગવાનને થયું કે જાહેરમાં આ રીતે સ્નાન કરવું હોય તો બહાર કપડાં કાઢીને મૂકવાં તે મર્યાદાની દૃષ્ટિએ યોગ્ય નથી. મર્યાદાનો ભંગ ન કરાય તે શીખવવા ભગવાને ગોપીઓનાં વસ્ત્રો લઈ લીધાં.

વાંસળીવાદન બતાવે છે કે ગોપીઓ ઘરમાં રહેવા છતાં ઘરની આસક્તિ–મમતા રાખતી ન હતી. વાંસળીનો પ્રેમસંદેશ સાંભળે એટલે તરત જ તે ભગવાન પાસે પહોંચી જતી.

નાગદમન : યમુના નદીને કાલિનાગ દૂષિત કરતો હતો. તેથી તેને ત્યાંથી દૂર ખસેડવા ભગવાને નાગદમન કર્યું. તો લોકોને કનડગતમાંથી દૂર કરવા ભગવાને સેવાનું કાર્ય કર્યું.

ટચલી આંગળીએ ગોવર્ધન ઊંચક્યો તે સાચી જ વાત છે. બધી જ શક્તિ લઈને તેઓ આવેલા એટલે એ વાત માની શકાય તેવી છે.



તમે કે. લાલને જુઓને! તે તો એક જાદુગર છે. તેના પ્રયોગો કેવા હેરત પમાડે તેવા છે. તો ભગવાન તો સૌથી મહાન શક્તિશાળી છે. તેમને માટે શું અશક્ય છે!

શ્રીકૃષ્ણ મહાન છે. તેમને વ્યાસ પણ માપી ન શક્યા તેથી વ્યાસે કહ્યું : "શ્રીકૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયં" ભગવાનના દરેક કર્મો પવિત્ર પ્રેમ, નિર્લિપ્ત પ્રેમ ને કર્તવ્યનિષ્ઠ બનવાનો સંદેશો આપે છે.

**પ્રશ્ન** : સમર્થ યોદ્ધો હોવા છતાં, અર્જુન માટે કહેવાયું કે 'કાબે અર્જુન લૂટિયો, વો હી ધનુષ વો હી બાણ' એ સાચું?

**પૂ. શ્રી** : સાચું જ છે. માનવ તો પ્રભુના હાથનું હથિયાર જ છે. માનવને એમ લાગે છે.

'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે.
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગીશ્વરા કોઈક જાણે.'

અર્જુનને અહંકાર થઈ ગયો તે અહંકાર મિથ્યા હતો. અર્જુન ભૂલી ગયો કે મહાભારતના યુદ્ધમાં જે થયું, તે પ્રભુની કૃપા ને પ્રભુની શક્તિથી થયું હતું. પ્રભુની શક્તિથી તે આટલું સરસ યુદ્ધ કરી શક્યો.

પણ જ્યારે ભગવાને અર્જુનને સંદેશો મોકલ્યો કે દ્વારિકાની રક્ષા કરવા તું જા, ત્યારે અર્જુનને થયું કે ભગવાનને પણ મારા વિના ચાલતું નથી. એ મિથ્યાભિમાનને દૂર કરવા એ જ ધનુષ્ય, એ જ બાણ હતું. છતાં અર્જુન હારી ગયો!

ફુગ્ગો ફૂલે છે તો શક્તિ કોની છે? અંદર રહેલી હવાની. અર્જુન એ ભૂલી ગયો કે મારામાં જે શક્તિ છે તે પ્રભુની છે.

બીજા પણ થોડા પ્રશ્નો પૂ. શ્રીને પૂછ્યા, જે નોંધને યોગ્ય ન હતા. સમય થતાં સૌએ ગુરુની લાંબી સ્તુતિ ગાવાની તૈયારી કરી. એ સ્તુતિના છાપેલા કાગળો એક બેન લઈ આવ્યાં હતાં, જેથી સૌને એ કાગળો વહેંચવામાં આવે છે, સૌએ સમૂહ પાઠ કર્યો. પાંચ મિનિટના ધ્યાનનો કાર્યક્રમ થયો. સૌ પ્રણામ કરી વિદાય થયા. પૂ. શ્રીએ સૌની વિદાય પછી સ્નાન કરી લીધું. મગ-ભાતનું ભોજન લીધું.

યજમાન પરિવારના એક યુવાન ભાઇ બે દિવસથી ભોજન લેતા ન હતા. પૂ. શ્રીએ એ વાત જાણી એટલે તે ભાઇને ઉપર બોલાવી પૂ. શ્રીએ જાતે પીરસીને ભોજન કરાવ્યું.

પૂ. શ્રીનો સ્વભાવ પ્રેમાળ ને દયાળુ છે. છતાં પૂ. શ્રી એટલા બધા અલિપ્ત રહે છે કે સૌને પૂ. શ્રીનો ડર લાગે છે. બહારથી કડક દેખાતા વ્યક્તિત્વમાં ફૂલથી પણ વધુ કોમળતા ભરેલી છે. તે તો અનુભવે જ સમજાય. છેવટે શ્રી જીતુભાઇ ને કુંદનબેન પૂ. શ્રીને પ્રણામ કરવા આવ્યાં.

પૂ. શ્રીએ આજે જે સંદેશો મુંબઇથી મળ્યો હતો, તે અગાઉથી તેમણે જાણી લીધો હતો તે આખોયે પ્રસંગ કહી સંભળાવ્યો.

આજે જીતુભાઇને 'સેવાપૂજામાં બેસો ત્યારે એક આ આસન ઉપર પાથરજો'—એમ કહી ખાદીનો એક રૂમાલ આપ્યો. જીતુભાઇએ ખૂબ આદરથી તેને સ્વીકાર્યો. થોડી બીજી વાતો થઈ. અંતે બંને પ્રણામ કરી વિદાય થયાં.

પૂ. શ્રી સાથે સર્વેશ્વરી થોડીવાર ધ્યાનમાં બેઠાં, પછી આરામ થયો. હરિઃ ૐ. (ક્રમશઃ)



# શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીને શ્રદ્ધાંજલિ

—તંત્રી

કપૂરાના શ્રી ઈશ્વરભાઇ પ્ર. ભક્તનો સ્વર્ગવાસ તા. ૨૧–૧૧–૯૯ ની રાત્રે થયો. અધ્યાત્મના વાચકો તેમને પરમાર્થીના નામે જાણે છે. તેઓ સાચા જ અર્થમાં–પરમના એટલે પરમાત્માના અને અર્થી એટલે ઇચ્છુક હતા. તેઓને 'પરમાર્થી' ઉપનામ પૂ. યોગેશ્વરજીએ આપ્યું હતું.

તેઓનું સામાજીક ક્ષેત્રે જે પ્રદાન હતું–તેના કરતાં અનેકગણું આધ્યાત્મિક ક્ષેત્રે હતું. ભક્ત સમાજના પ્રણેતા સંત કબીરજીના તેઓ પરમ કૃપાપાત્ર ઉપાસક હતા. તેઓના અક્ષરદેહને સાચા અર્થમાં લોકભોગ્ય ભાષામાં સમજાવવાનું મહત્ત્વનું કાર્ય પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની પ્રેરણા અને માર્ગદર્શનથી તેઓએ પાર પાડ્યું. કબીરસુધાના ભાગો તેની સાક્ષી પૂરે છે.

સંસ્કૃત વિષય લઇને તેઓ એમ. એ. થયા હતા. એટલે હિંદુ-ધર્મના સંસ્કૃતભાષામાં રચાયેલ સદ્‌ગ્રંથોને તેઓએ મૂળસ્વરૂપમાં વાંચ્યા, વિચાર્યા અને એમનું દોહન કરી–કેટલાક લખાણોદ્વારા આમ જનતા માટે ઉપલબ્ધ કર્યાં.

તેઓ સારા લેખક અને કવિ પણ હતા. તેઓની સંસ્કૃત છંદોપરની પકડ ઘણી સારી હતી. તેથી તેમની કાવ્ય રચનાઓ સરળ અને છંદોબ્ધ તેમ જ ગેય બની રહી છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની બાવનીની ગેય છંદોબ્ધ રચના–યોગેશ્વર પરિવારના સાધકો માટે–કાયમનું સંભારણુ બની રહી છે. તે દ્વારા તેઓ સર્વ સાધકોના હૃદયમાં હંમેશ માટે જીવંત રહેશે.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો પરદેશમાં પરિચય કરાવવાની અતિ મહત્ત્વની કામગીરી તેઓએ—સરસ રીતે બજાવી હતી. તો પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને સાધનાત્મક જીવનના પ્રારંભના તબક્કામાં સમજપૂર્વક સાથ ધર્યો હતો. આથી પ. પૂ. મા તેઓ પ્રત્યે ખૂબ આદરની લાગણી ધરાવે છે.

વિધિની કેવી વિચિત્રતા કે ૨૧ મી ઓક્ટોબરે તેઓ ભારત આવ્યા અને તે પછી બરોબર એક મહિને તા. ૨૧ મી નવેમ્બરે તેઓએ પોતાના ભૌતિક દેહનો પરિત્યાગ કર્યો. તેઓ આંતરિક રીતે ઘણા સારા સાધક હતા. એટલે તેમના મૃત્યુની આગાહી તેઓને પહેલાં થઇ ગયેલી. તેઓ સ્વભાવે ખૂબ નમ્ર, નિખાલસ, ઉદાર અને પ્રેમાળ હતા, સંસારમાં વસવા છતાં તેઓ કાદવમાં ઉગતા કમળની જેમ—સર્વથા અલિપ્ત હતા.

અતિ વિશાળ વાંચનને લીધે, તેઓ જ્ઞાનસમૃદ્ધ હતા. છતાં હૃદયથી ખૂબ કોમળ હોવાને લીધે—સરળ ભક્ત બની રહેતા.

જીવનના સુખદુઃખના પ્રસંગોમાં તેઓની સમતા ગજબની હતી. તેઓ નિર્ભીક ને નીડર હતા. ભારત માતા પ્રત્યે તેમને અનન્ય પ્રેમ હતો. તેઓ દલિતોના હમદર્દ ને સદાયના સહાયક હતા. એથી એમનું પ્રદાન જીવનના દરેક ક્ષેત્રોમાં હતું. સંપત્તિનો કે પદપ્રતિષ્ઠાનો તેમને કોઇ મોહ ન હતો. એટલે જ જીવનની અંતિમ ક્ષણોમાં તેઓ આત્મસ્થ બનીને—પોતાના ભૌતિક દેહનો પરિત્યાગ કરી શક્યા.

એમના જીવનની હર ઘટનાઓમાં એમનાં ધર્મપત્ની મણિબેન—પડછાયાની જેમ સાથ ધરી રહ્યાં. એક આદર્શ આર્યનારીના પ્રતીકસમાં શ્રી મણિબેનને—અને તેમના પુત્રો—શ્રી જયેશ અને પંકજ, તેમ જ દીકરીઓને જે ખોટ પડી છે, તે કદી ભરપાઇ ન થઇ શકે તેવી છે. અંત સમયે એમની બ્રાહ્મી અવસ્થા હતી. એટલે એમને શાન્તિ જ હોય. □



# શિબિરનો શિવસંકલ્પ

—તંત્રી

તા. ૧૩–૮–૯૯ કેનેડાની શિબિરમાંથી પૂ. માએ એક સંદેશો મોકલેલો. તેના શબ્દો નીચે મુજબના હતા:—

સ્વર્ગારોહણમાં પણ આવું જ આયોજન કરીશું. મા ભારત આવે પછી આવું જ મંગલ પર્વ ઉજવીશું.

કેટકેટલા ઉત્સવોને ઉજવીને પૂ. શ્રી માએ આ શબ્દો સત્ય કર્યાં. પૂ. માની આગાહી આમ સત્ય ઠરી.

## નવરાત્રિ જપયજ્ઞ

દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહમાં નવરાત્રિનો જપયજ્ઞ અંબાજીમાં યોજાયો. દર વર્ષ કરતાં આ વર્ષના જપયજ્ઞની વિશેષતા એ હતી કે તેમાં પૂ. માની સૂચના પ્રમાણે સાધકોએ મૌન પાળવાનું હતું તેમ જ દરેક સાધકને પોતાની રૂચિ પ્રમાણેની વ્યક્તિગત સાધના કરવાની છૂટ આપવામાં આવી હતી. પૂ. માએ આવો અખતરો કેનેડાની ધરતી ઉપર કેલગેરીની ૨૬ દિવસની મૌન શિબિરમાં કર્યો હતો. તે ખૂબ સફળ પૂરવાર થયો હતો. આવી સાધનાના રોજ છ કલાકો સાધકોને મળતા. પરિણામે એક જ સ્થળે બેસી રહેવાને બદલે સાધક ભાઇબહેનો વ્યક્તિગત સાધનાના સમયે સ્વર્ગારોહણના પટાંગણમાં ક્યાંક બેસીને, તો ક્યાંક ફરતા ફરતા જપ કરતા. તો કેટલાક હોલમાં રાખેલ પુસ્તકોનું વાંચન, તો વળી કોઇક સ્તોત્રપાઠ—શિવમહિમ્ન કે વિષ્ણુસહસ્રના પાઠો મૌન રાખીને કરતા.

સવારની પ્રભાત ફેરી, પ્રાર્થના અને ૧૨૫ પ્રણામો તેમ જ પૂ. શ્રીના પ્રવચનના કાર્યક્રમોમાં હાજરી આપવી ફરજિયાત હતી. તો બપોરની બેઠકમાં સમૂહમાં–મંત્રગાન પછી સાધકો પોતાની રૂચિ પ્રમાણે ધ્યાન કે કુટિયાની પ્રદક્ષિણા કરતા. રાત્રે ગરબાની બેઠકમાં હાજરી આપવી ફરજીયાત હતી. પૂ. શ્રી અને પૂ. માની બાવની-ઓ. બહેનો ને ભાઇઓ ગરબા લઇને કરતા. ત્યારનું દૃશ્ય મનોરમ બની રહેતું.

આ સિવાય સ્વર્ગારોહણમાં સંપૂર્ણ શાન્તિ પ્રવર્તી રહેતી. એનું દૃશ્ય પુરાણકાળના કોઇ ઋષિના આશ્રમની યાદ આપી જતું.

સાધનામાં ભોજનનો પ્રકાર મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી પૂ. માએ સાધકોને સવારે દૂધ, બપોરે બાર વાગે–ફળ, ખજૂર અને સીંગદાણા–અને સાંજે સાદી ખીચડી, શાક ને છાશ અપાતાં.

પ્રારંભમાં ૫૫ સાધકો તેમાં જોડાયા હતા. તો નવરાત્રિના અંતિમ દિવસે આ સંખ્યા વધીને ૧૭૫ ઉપર થઇ ગઇ હતી. સાધકોએ ઉતારા પેટે રોજના રૂા. ૧૦ ને ભોજન પેટે પણ રૂા. ૧૦ આપવા ઠરાવાયું હતું.

શિબિરનું સંચાલન પૂ. માની સૂચના પ્રમાણે શ્રી અજયભાઇ કલોલાએ સંભાળ્યું હતું. તો નિવાસ અને ભોજન અંગેની જવાબદારી અનુક્રમે શ્રી વિનુભાઇ અમીન, તેમ જ ડો. સુરતીયા અને શ્રી રેવાશંકરભાઇ પુરોહિતે સંભાળી હતી. શ્રી પ્રભુભાઇ હળવદિયા અને બીજા અનેક સાધક ભાઇબહેનોએ શિબિરના સંચાલનમાં સારો એવો ફાળો આપ્યો હતો.

આ શિબિરમાં–પ્રવેશ મેળવતાં જ પોતાની સાધનાનાં લક્ષાંકો દરેક સાધકે લખીને સંચાલકને આપવાના હતાં, તેમ જ તે પૂર્ણ



કરવાની તકેદારી પણ તેમણે જ પોતાના ચોકીદાર બનીને કરવાની હતી.

પૂ. માનો ભારતના સાધકો માટે આ પહેલો જ નવતર પ્રયોગ હતો જે ખૂબ સફળ રહ્યો. વ્યક્તિગત સાધના.

## પૂ. માનું આગમન અને અનોખું સ્વાગત

નવરાત્રિ દરમ્યાન શ્રી અજયભાઇ કલોલાએ એક દિવસ જાહેર કર્યું કે પૂ. મા પરદેશથી ભારત આવી ગયાં છે અને તા. ૧૭ મી ઓક્ટો. બપોરે ૧૨–૦૦ પહેલાં અંબાજી પધારશે.

આ સમાચાર સાંભળતાં જ સાધકોમાં એક આનંદની લહેર ઊઠી ગઇ. બધાનાં હૈયાં નાચી ઊઠયાં. થયું કે જે પરમ શક્તિની ઉપાસના નવરાત્રિ વ્રતમાં કરી, તે સ્વયં આવી રહ્યાં છે. બધા વિચારવા લાગ્યા, પૂ. માનું સ્વાગત શી રીતે કરવું. તેમાં પૂ. માએ પૂછાવેલું કે મૌન ધારણ કરીને બેઠેલા સાધકો ગંભીર મુખમુદ્રા ધારણ કરીને બેઠા નથીને?

આ શબ્દો સાંભળતાં જ બધા સાધકોના મનમાં થયું કે પૂ. માનું આપણે સહુએ સરસ ને ભવ્ય સ્વાગત કરવું એ માટે બધા વિચારવા ભેગા મળ્યા. છેવટે શ્રી રેવાશંકરભાઇ અને શ્રી અજયભાઇ કલોલાએ એ વિચારણાને ઓપ આપ્યો. તેમાં શ્રી પંડિતજી વડોદરાથી આવી ગયા. એટલે સોનામાં સુગંધ ભળવા જેવું થયું.

આ વિચારણા પ્રમાણે સ્વર્ગારોહણના દ્વારે સપ્તર્ષિઓ પૂ. માનું પ્રથમ સ્વાગત કરે. પછી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ પોતપોતાના લોકમાં સજોડે પૂ. માનું અભિવાદન કરે. આ બધા પ્રસંગોએ બાળભક્તો શ્રી ધ્રુવ અને પ્રહ્લાદ પણ હાજર હોય.

આ કલ્પના ખરે જ ખૂબ ભવ્ય હતી. નવી હતી. પૂ. માના આધ્યાત્મિક જીવન સાથે સુસંગત હતી. પરંતુ તેને કાર્યાન્વિત કરવી જરા કઠિન હતી. પરંતુ સાધકોનો ઉત્સાહ ખૂબ હતો. એટલે સહુ કામે લાગી ગયા. પાત્રો પસંદ થઇ ગયાં. વૃદ્ધો ઋષિઓ બન્યા તેમને માટે દાઢી મૂછો ને ધોતિયાંની વેશભૂષાની વ્યવસ્થા થઇ ગઇ. ભગવાન વિષ્ણુ, બ્રહ્મા અને મહેશની ત્રિપૂટી પોતાની દેવીઓ સાથે નવી વેશભૂષાઓ ધારણ કરી હાજર થઇ ગયા. ઉપસ્થિત ત્રણસો જેટલા સાધક ભાઇબહેનો—સ્વર્ગારોહણના દ્વારે બે હરોળોમાં ગોઠવાઇ ગયા. પૂ. માના આગમનની આતૂર નયને પ્રતીક્ષા કરી રહ્યા.

પૂ. મા પધારતાં જ પૂ. ગુરુદેવ અને પૂ. માના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠયું, શ્રી પંડિતજી સુંદર મંત્રગાનથી પૂ. માના આગમનને વધાવી રહ્યા. આ દૃશ્ય જોવા જતાં આવતાં વાહનો રસ્તા પર જ થંભી ગયાં. લોકો આ વિરલ દૃષ્ય સાનંદાશ્ચર્ય માણી રહ્યા! આ શું થઇ રહ્યું છે, તે તેઓ ના સમજી શકે, એ સ્વાભાવિક હતું પરંતુ પૂ. માના ઉપર પ્રથમ સંન્યાસીઓ ઋષિઓ, પછી સાધકોએ પુષ્પવૃષ્ટિ કરી. પૂ. માને તો આની કલ્પના પણ ક્યાંથી હોય! પછી વિવિધ લોકોમાંથી પસાર થતાં પૂ. માનું અભિવાદન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે સપત્ની કર્યું. આ વેશપરિવર્તન સરસ થયું હતું.



# શ્રી રેવાશંકરભાઇની ભાવસૃષ્ટિ

કલ્યાણ

પૂ. શ્રી માનું આવું ભવ્ય અને દિવ્ય સ્વાગત કરવાના પવિત્ર ભાવો જેમના હૃદયમાં ઊઠયા તે શ્રી રેવાશંકરભાઇના પુનિતભાવોને આદર આપવાની ઇચ્છા સહજ થઇ આવે છે.

જેમનું હૃદય પૂ. શ્રી મા પ્રત્યે પરમ આદરથી ભરેલું હોય, જેમની આંખોમાં આ માતૃદર્શનમાં ઈશદર્શનની દિવ્યદૃષ્ટિ પ્રકટી ગઇ હોય તેના મનમાં જ આવા ભવ્ય અને દિવ્ય સ્વાગતની સૃષ્ટિ આવિર્ભાવ પામી શકે.

પોતાના ઇષ્ટઆરાધ્યા પરમશક્તિ પૂ. શ્રી માના શ્રી ચરણોમાં શ્રી રેવાશંકરભાઇએ સમર્પણ કર્યું છે. સમર્પિત જીવનના અંતરના અંતરતમમાંથી જ પોતાના ઈષ્ટ આરાધ્યાપ્રતિ આવા સર્વોત્તમ સન્માનના ભાવ પ્રકટી શકે! શ્રી રેવાશંકરભાઇએ પૂ. શ્રી માના શ્રી ચરણોમાં જીવન સમર્પિત કર્યું છે તો પૂ. શ્રી મા તેમના જીવનરથનાં સારથિ બનીને પોતાના હાથમાં લગામ લઇને શ્રી રેવાશંકરભાઇનો જીવનરથ ચલાવી રહ્યાં છે. પૂ. શ્રી માએ તેમના જીવનરથને સંસારના અનેક વમળો વચ્ચે સલામત રીતે ચલાવ્યો છે. ભયંકર વમળો વચ્ચે પણ તેમના મનને આઘાત પ્રત્યાઘાત વચ્ચે સાચવ્યું છે અને એમ જ પોતાના કૃપાનો ગિરિરાજ ધારણ કરીને પૂ. માએ ડૂબતા જીવનને ઉગારી લીધું છે!

જે જીવનને પૂ. શ્રી માએ સર્વ રીતે સંભાળ્યું છે તો હવે એ જીવન પણ પૂ. શ્રી માના કાર્યો કરીને કૃતાર્થ થવા ઝંખે છે. એ

દિવ્ય ઝંખનામાંથી પૂ. શ્રી મા પ્રત્યે દિવ્યભાવોની સૃષ્ટિ સર્જાય છે. એ દિવ્યભાવો વહાવવાની જ્યારે તક મળે છે ત્યારે હૃદય ગુહામાંથી આપોઆપ જ પૂ. શ્રી મા પ્રત્યે પ્રેમાદરનું સર્વોત્તમ સ્વરૂપ બહાર પ્રકટે છે. પ્રેમાદરનું આ સર્વોત્તમ સ્વરૂપ એટલે પૂ. શ્રી માનું સર્વોત્તમ સ્વાગત!

શ્રી રેવાશંકરભાઇ માટે પૂ. શ્રી માથી વિશેષ આ સમગ્ર બ્રહ્માંડમાં કોઇ જ નથી! જો પૂ. શ્રી માને સમગ્ર સૃષ્ટિના સર્વેસર્વા હોય તો પૂ. શ્રી માનું સ્વાગત પણ જીવનની સર્વોત્તમ ભૂમિકાએ પહોંચ્યા હોય તેવા મનીષીઓના સર્વોત્તમ ભાવોથી થવું જોઇએ. પૂ. શ્રી મા પ્રત્યેની પ્રેમાદરની આ ઉત્તમોત્તમ રીત છે. પ્રેમભાવોની આ ઉત્તમ વિચાર સૃષ્ટિમાંથી સપ્તર્ષિઓ, ત્રિદેવો, જેવા ઉત્તમ પુરુષોદ્વારા પૂ. શ્રી માના ભવ્ય અને દિવ્ય સ્વાગતની ભાવનાએ સાકાર સ્વરૂપ લીધું!

પૂ. શ્રી માનું જે સર્વોત્તમ રીતથી સ્વાગત થયું અને જે ભાવદૃશ્યો સ્વર્ગારોહણની દિવ્ય સૃષ્ટિપર સર્જાયાં, તેમાં રેવાશંકરભાઇની પૂ. શ્રી મા પ્રત્યેની પ્રેમાદરની ભાવનાઓનું સાકાર દર્શન હતું.

અંતરના આરામ સમી એ આંખે આંખ મળી,
રહો સદાયે સાથે બીજા રસને રાખ કરી–હાલી.
અમર રહો એ ઉત્સવ, હૈયાં રહો હમેશ મળી,
વીણા વાગી કો બડભાગી, મિલ્કત ગઇ મળી–હાલી.

પૂ. શ્રી મા સ્વર્ગારોહણના આંગણે પધાર્યાં એ સાથે જ એ માતૃદર્શનમાં મળવાનું બધું જ મળી ગયું, અખૂટ, અપાર દિવ્ય મિલ્કત મળી ગઇ! આ અદ્‌ભુત સ્વાગત સાથે પૂ. શ્રી માના દિવ્ય દર્શનોત્સવનો મંગલ પ્રારંભ સ્વર્ગારોહણના આંગણે થઇ ગયો!



બાળકોના પ્રેમભાવથી પૂ. શ્રી મા પ્રસન્ન થયાં. સૌને આશીર્વાદ આપતાં પૂ. શ્રી માએ કહ્યું,

"સૌને ધન્યવાદ.

તમારા સૌના આ પવિત્ર વેશને લીધે મા ફક્ત એક, બેને જ ઓળખી શક્યાં, મોટાભાગના ના ઓળખાયા!

કદાચ મૃત્યુ પછી જીવ જ્યાં જતો હશે ત્યાં આવા દિવ્યસંતો વિચરણ કરતા હોય, છતાં ના ઓળખાય એવું બને.

તો આજથી જ જાગૃત! જે વેશ અને જે અભિનય આપણે આ પવિત્ર ધરતીપર ભજવ્યો તે જીવનભર યાદ રાખજો.

સંસારના કાદવમાં પાછા ન ફસાઇએ.

પવિત્ર, આદર્શ, પ્રભુમય આજના વેશને શોભે તેવું જીવન આપણે જીવી બનાવીએ.

મા પણ હવે આપ સૌના ભાવનો સ્વીકાર કરી પૂ. શ્રીને અર્પણ કરીને પ્રાર્થે છે કે,

સૌને વેશને સાર્થક કરવાની શક્તિ આપો"

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૨૨૮૨૩૧

# સર્વરોગ નિદાનયજ્ઞ

ડૉ. બી. જે. જાગાણી

પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. માની દિવ્ય કૃપાથી તા. ૨૪–૧૦–'૯૯ ને રવિવારના રોજ સ્વર્ગારોહણ, અંબાજી ખાતે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે સર્વરોગ નિદાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. નિદાનયજ્ઞનું દીપ પ્રગટાવીને અમેરિકાથી આવેલ શ્રી ભગવાનજીભાઇએ ઉદ્‌ઘાટન કર્યું. આ નિદાનયજ્ઞમાં દાંતા, અંબાજી અને સેંબલપાણી વિસ્તારના કુલ ૧૧૦૦ જેટલા દરદીઓનું નિદાન કરીને મફત દવા આપવામાં આવી. આંખના બેતાલાના ચશ્મા પણ ૧૫૦ જેટલી વ્યક્તિઓને વિના-મૂલ્યે આપીને નવી દૃષ્ટિ આપી. પ્રત્યેક દરદીને પ્રસાદ આપી ભૂખ તૃપ્ત કરી. પેથાણી ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી નવીનભાઇ શાહ તથા અશ્વિનભાઇ જોશીદ્વારા દરદીઓને વિનામૂલ્યે કપડાં પણ આપવામાં આવ્યાં.

પૂ. માની સૂચના અને આયોજન મુજબ વિવિધ કાર્યો કરવા માટે વિવિધ ટૂકડીઓમાં સ્વયંસેવકોની ફાળવણી કરવાની કામ-ગીરી શ્રી રાજુભાઇ જાનીદ્વારા કરવામાં આવી. ડોક્ટરોની સર-ભરા, ભોજન, દરદીઓને મદદ, દવા વિતરણ, ચશ્મા વિતરણ, રજીસ્ટ્રેશન, પાણી વિતરણ, બાળકોને–વૃદ્ધોને સત્સંગ પ્રસાદ વિતરણ વગેરે બાબતની ટૂકડીઓ પાડીને સો જેટલા સાધક–ભાઇ બહેનોને સેવાનો લાભ મળ્યો. બાકીના સાધક ભાઇબહેનોને પૂ. માની સૂચના મુજબ કુટિયામાં શ્રી કલ્યાણ, શ્રી બાપજી અને શ્રી પંડિતજીદ્વારા સત્સંગ કરાવ્યો.



આ નિદાનયજ્ઞમાં આંખના રોગોની સારવાર ડૉ. પરેશભાઇ પરીખ, ડૉ. નિરંજન મોઢ, ડૉ. હસમુખ જોશીએ આપી. જ્યારે બાળરોગોની સારવાર ડૉ. કુંદનબેન તથા ડૉ. અમીબેને આપી. જનરલ સર્જન તરીકે કોટેજ હોસ્પીટલ, અંબાજીના ડૉ. મનસુખ-ભાઇ પટેલે સેવાઓ આપી. દાંતના રોગોની સારવાર ડૉ. એ. કે. પટેલે કરી. નાક–કાન–ગળાના રોગોનું નિદાન ડૉ. અમીતભાઇ અંબાણી અને હેમંતભાઇ શાહે કર્યું. સ્ત્રીરોગોની સારવાર ડૉ. ટેલર સાહેબે આપી. જનરલ ફીઝીશ્યન તરીકે ડૉ. પિયૂશભાઇ જોશી, ડૉ. મૂકેશ પટેલ અને ડૉ. જયેશ પટેલે સેવાઓ આપી. ચામડીના દર્દો માટે ડૉ. પ્રહ્‌લાદભાઇ પટેલે સેવાઓ આપી. ચશ્માના નંબર કાઢી આપવાની કામગીરી ડૉ. એલ. એસ. પટેલ, ડૉ. એ. ડી. પટેલ તથા રણજિતસિંહ પરમારે કરી.

પૂ. મા સર્વેશ્વરી દેવીએ બધા જ ડોક્ટરો, સ્વયંસેવકો અને દરદીઓને પાણી પાવાની જવાબદારી સ્વીકારી. સ્વયં જગદંબાએ આ સેવા સ્વીકારીને અનેક જીવોને અમૃતરૂપી પાણી પાઇને તૃપ્ત કર્યાં. એક વૃક્ષ નીચે પાણીના બે ટીપણાં ગોઠવ્યાં. પૂ. મા જાતે ગ્લાસમાં જગવડે પાણી ભરે અને તરસ્યાઓની તરસ છીપાવતાં હતાં. વધારે નવાઇની વાત તો એ હતી ફરજ બજાવતા ડોક્ટરોને તથા સ્વયંસેવકોને તેઓના સ્થાન પર જઇને પૂ. માએ જાતે પાણી આપ્યું.

આ વૃક્ષ નીચે જે જીવો દર્શને આવતા તે જીવોને પોતાની પાત્રતા મુજબ સ્લેટમાં ઉપદેશાત્મક વાક્યો લખીને જીવોનું મંગલ કરી રહ્યાં હતાં. સવારના ૯–૦૦ થી બપોરના ૨–૩૦ કલાક સુધી પાણી આપવાની એકધારી સેવા પૂ. માએ કરી અને સૌને દર્શન-નો ભરપૂર લાભ આપ્યો.

પ્રસાદ વિતરણ માટે શ્રી બગડા સાહેબે અગાઉથી તૈયાર કરેલા પેકેટ એક કાઉંટર પર ગોઠવ્યાં. ડો. અરૂણા ઠાકર તથા શ્રી ઉર્વશીબેને પ્રસાદ વિતરણની સેવા સંભાળી.

દવાઓનું વિતરણ કરવાની કામગીરી શ્રી રમેશભાઇ પરીખ, શ્રી ધર્મેન્દ્રભાઇ, ડો. હરેન્દ્ર સુરતિયા તથા શ્રી દિનેશભાઇ વ્યાસ-દ્વારા કરવામાં આવી. શ્રી રમેશભાઇ પરીખે દવાનો બધો ખર્ચ પણ વહન કર્યો. તે બદલ તેમને અભિનંદન ઘટે છે.

ચશ્માનું વિતરણ કરવામાં શ્રી ભોજાણી અને શ્રી નાથાલાલ સહયોગી થયા. ડોક્ટરોની સરભરા તથા રસોડા વ્યવસ્થા શ્રી રેવાશંકરભાઇ, ઈશ્વરભાઇ છાટબાર, શ્રી ધીરુભાઇ મોગરિયાના નેતૃત્વ હેઠળ સંપન્ન થઇ. આ નિદાનયજ્ઞમાં ૨૫૦ જેટલા સાધક ભાઇ–બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ નિદાનયજ્ઞમાં જે સાધક ભાઇબહેનોની સેવાઓ લેવામાં નથી આવી તેવા સાધક–ભાઇ–બહેનોને શ્રી કલ્યાણ, શ્રી બાપજી, શ્રી પંડિતજીદ્વારા પૂ. શ્રી અને પૂ. માના કૃપા પ્રસંગોની લહાણી કરાવીને આધ્યાત્મિક દુનિયામાં ડુબકી મરાવી.

બપોરના ત્રણ કલાકે 'યોગ–શૈવલ્યમ્' હોલમાં ડોક્ટરોને સ્મૃતિ–અર્પણ તથા આભાર દર્શનનો કાર્યક્રમ પૂ. માની ઉપસ્થિતિ-માં રાખવામાં આવ્યો. જેમાં શ્રી ભગવાનજીભાઇ તથા શ્રી શાંતિભાઇ કનેરિયાના હસ્તે સૌ ડોક્ટરો તથા સહયોગી કાર્યકરોને સ્મૃતિ અર્પણ કરવામાં આવી. દરેક ડોક્ટરને પૂ. માએ એડમંટન યાત્રાનું પુસ્તક અને શિવમહિમ્ન સ્તોત્રની કેસેટ પણ સ્મૃતિ તરીકે ભેટ આપી.

સર્વે ડોક્ટરો વતી શ્રી પરેશભાઇ પરીખે પ્રતિભાવ આપ્યો કે



'અમારે પૂ. માનો આભાર માનવો જોઇએ કારણ કે આ પાવન-ભૂમિ પર યોજાયેલા નિદાનયજ્ઞમાં સેવાઓ આપવાની તક આપી. અમે ભાગ્યશાળી થયા છીએ. જ્યારે પણ આવા નિદાનયજ્ઞ યોજાય ત્યારે અમારી સેવાઓ ઉપલબ્ધ થશે.'

ડો. મનસુખભાઇ પટેલે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે સ્વર્ગા-રોહણની ભૂમિમાં દાખલ થઇએ કે તરત જ દિવ્યતાનો અને હૃદયમાં દૈવીશક્તિનો અનુભવ થાય છે. કોઇ દૈવીશક્તિની કૃપા-વિના આવા સફળ નિદાનયજ્ઞો કરવા અશક્ય છે. બધા જ ડોક્ટરો તથા સાધક ભાઇ–બહેનોને બપોરનું ભોજન કાર્યક્રમના અંતે આપવામાં આવ્યું.

આ નિદાનયજ્ઞના પ્રચારકાર્યમાં શ્રી જે. કે. માવાળા, શ્રી વિજયભાઈ કનેરિયા, શ્રી રાજીવભાઇ, શ્રી પ્રભુભાઇ, શ્રી નવીન-ભાઇ શાહ, શ્રી અશ્વિનભાઇ જોશી, શ્રી કે. ડી. બગડા, શ્રી મહેન્દ્ર-ભાઇ અગ્રવાલ તથા શ્રી એસ. એસ. વાઘેલા સહભાગી થયા અને દૂર દૂરના ગામડામાં દરદીઓ સુધી પત્રિકાઓ પહોંચાડી.

શ્રી મોહનભાઇ પટેલે સ્વર્ગારોહણમાં માળખાગત સુવિધા સુચારુરૂપે પૂરી પાડી અને સૌ નામી–અનામી મૂક સેવકોએ પૂ. મા–પ્રભુના આ દિવ્ય કાર્યમાં પોતાની સેવાઓ ઉત્તમ રીતે આપવા પ્રયાસ કર્યો.

કાર્યક્રમના અંતે પૂ. માએ લખીને આશીર્વાદ આપ્યા કે 'સ્વર્ગારોહણના પવિત્ર સ્થાનમાં સૌ ડોક્ટરો, સ્વયંસેવકોએ દરદીઓની સેવાનો લાભ લીધો છે તે બદલ ધન્યવાદ. આપ સૌના અમે ઋણી છીએ. અહીં સૌની હાશ લેવાનો અવસર મળ્યો છે. અહીંથી વિદાય થતાં પહેલાં કોઇ એક નાનો નિયમ લઇને વિદાય થાઓ. આશીર્વાદ. મા.'

નિદાનયજ્ઞની સફળતાનો યશ પૂ. ગુરુદેવ યોગેશ્વરજીને અર્પણ કરવા માટે બીજા દિવસે સવારે ઉપસ્થિત સૌ સાધકો સાથે પૂ. માએ ૧૦૮ વધારાના પ્રણામ કર્યાં. ભવિષ્યમાં આવા નિદાનયજ્ઞો સફળતાપૂર્વક યોજાય તે માટે સ્વયંસેવકોની યાદી તૈયાર કરવામાં આવી. દરવર્ષે ઓક્ટોબર, ઓગસ્ટ અને માર્ચ મહિનામાં નિદાનયજ્ઞો યોજવાની અનુમતિ આપી.

આટલું મોટું કામ પ. પૂ. ગુરુદેવ અને પૂ. માની પ્રેરણા અને સહાયથી જ પૂરું થયું. તે બદલ સહુ સાધક ભાઈબહેનોએ પૂ. માના ચરણોમાં ખૂબ ભાવપૂર્વક વંદન કર્યાં. પૂ. માનો જય હો, જય હો.

સાચો પ્રેમ કે સાચી ભક્તિ અનન્યતા માગે છે. તેમાં પ્રેમાસ્પદ સિવાય બીજા કશાનું સ્થાન હોતું નથી.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ : ૪૮૦૪૨૮
ઓ. : ૩૬૨૪૩૭ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



# શ્રી આસિતભાઈ અને હેમાબેન

કલ્યાણ

આ ત્રણેય કલાકારોનું આગમન પૂ. શ્રી માના બાળકો માટે તો સાધનાનું ઉત્તમ ભાથું બની ગયું, કારણ કે પૂ. શ્રી માના બાળકોને તો કોઈ પરોક્ષ પરમાત્માની આરાધના કરવાની નથી. પૂ. શ્રી મા જ તેમને માટે પ્રત્યક્ષ પરમાત્મા છે. પૂ. શ્રી માની પ્રસન્નતા એ જ બાળકોની આરાધના છે. શ્રી આસિતભાઈ અને શ્રી હેમાબેને પોતાના સુરીલા કંઠદ્વારા જે ભક્તિરસની ગંગા વહાવી તેની અંજલિ પૂ. શ્રી માના બાળકો પૂ. શ્રી માના શ્રી ચરણોમાં અર્પણ કરતા રહ્યા! ભક્તિપદો સાંભળવા અને તેમાંથી પ્રકટતો ભક્તિભાવ પૂ. શ્રી માના શ્રી ચરણોમાં ત્રણ ત્રણ દિવસો વહેતો રાખવાનો સુયોગ આ કલાકારોએ પૂ. શ્રી માના બાળકોને આપ્યો! પૂ. શ્રી માના બાળકોએ તો એમ જ માન્યું કે ત્રણ દિવસો સુધી અમારું મન સતત શ્રી માતૃચરણે ભક્તિભાવપૂર્વક વળગી રહ્યું. ત્રણ દિવસ સુધી ભક્તિભાવો ભક્તિપદોદ્વારા કલાકારો વહાવતા રહ્યા અને પૂ. શ્રી માના બાળકો એ ભાવોનો પ્રવાહ શ્રી શ્રી માતૃચરણે વાળતા રહ્યા! પોતાના પ્રત્યક્ષ પ્રભુ પૂ. શ્રી માના શ્રી ચરણે અર્પણ કરતાં રહ્યા! ત્રણ ત્રણ દિવસ સુધી પૂ. શ્રી માના બાળકોએ ભક્તિરસને લીધે એ માતૃચરણે જે એકાગ્રતા અનુભવી તેનું જ સાચું મૂલ્ય છે. સૂરસંગીતદ્વારા જે માતૃઆરાધના થઈ તેટલા પૂરતી જ તે મહામૂલ્યવાન બની ગઈ! કલાકારો પાસેથી બીજા કોઈ મનોરંજનની બાળકોને અપેક્ષા ન

હતી. બાળકોનું મનોરંજન તો પૂ. શ્રી માનું પરમ સ્મરણ છે. જે કોઇ પણ વસ્તુ કે વ્યક્તિ પૂ. શ્રી માના સ્મરણમાં ડૂબાડે તેનાથી વિશેષ મોટો કલાકાર પૂ. શ્રી માના બાળકો માટે બીજો કોઇ ન હોઇ શકે! શ્રી આસિતભાઇ અને શ્રી હેમાબેને ત્રણ દિવસ સુધી સતત પૂ. શ્રી માના સ્મરણમાં ડૂબાડયા તે ઉપકારને પૂ. શ્રી માના બાળકો કદી વિસરી શકશે નહીં!

શ્રી આસિતભાઇ અને શ્રી હેમાબેને ખૂબ જ ભાવથી રાતદિવસ જોયાવિના પૂ. શ્રી મા અને પૂ. શ્રી માના બાળકોની પ્રસન્નતા માટે પોતાના સમયનો જે ભોગ આપ્યો તે તેમના જેવા મોટા અને જાણીતા કલાકાર માટે સંભવ નથી. પૂ. શ્રી મા પ્રત્યેના પૂજ્યભાવ અને ભક્તિભાવવિના આ ભોગ શક્ય નથી. એક એક પ્રોગ્રામના જ્યાં એમને હજારો રૂપિયા મળતા હોય તે જતા કરીને પ્રસન્નતાપૂર્વક જે ત્યાગ કર્યો તે તેમના ઉદાર અને ભક્તિભાવ-ભર્યા હૃદયનો પરિચય કરાવે છે. આટલા મોંઘા કલાકાર આપણે માટે આટલા સસ્તા થયા તે પૂ. શ્રી માની કૃપાવિના શક્ય નથી!

શ્રી આસિતભાઇ, શ્રી હેમાબેન અને આલાપકુમારે જે વિનમ્રતા અને ભક્તિભાવ પ્રદર્શિત કર્યો તેથી પૂ. શ્રી મા ખૂબ જ પ્રસન્ન થયાં. પૂ. શ્રી માના અંતરના આશીર્વાદ પામીને તેઓ ધન્ય બની ગયાં!

પૂ. શ્રી મા મળવાં એ પુણ્યયોગ અનંતજન્મોના પુણ્ય સંચયવિના શક્ય નથી.! ક્યારેક કૃપા થકી પણ પૂ. શ્રી મા આવો યોગ કોઇ સુપાત્રજીવને આપતાં હોય છે. પરંતુ એ સુવર્ણપળોને આત્મસાત કરી લેવી તે અસાધારણ વાત છે. જે તક ખેડબ્રહ્માનાં શ્રી જીવીબેન કે કુંડીગામના કેસરબેન ઝડપી શકે છે તે કહેવાતા



મોટા માણસો ઝડપી શકતા નથી. તેમની જ કલા અને આવડતનો અહં તેમને પૂ. શ્રી માના શ્રીચરણોમાં સમર્પિત થતાં રોકી રાખે છે. પ્રભુની પરમપ્રેમની દુનિયામાં પ્રવેશવું સહેલું નથી! અહંના આવરણને ભેદીને શ્રી માતૃચરણે સમર્પિત થવું તે ઘોર તપસ્યાને અંતે પણ ઘણી વખત શક્ય બનતું નથી.

પરમશક્તિનો પરમલીલા વિહાર આ પૃથ્વીપર અત્યારે ચાલી રહ્યો છે. પરંતુ એ પરમ ઓળખ થવી અતિશય અઘરી છે. શ્રી રામ અને શ્રી કૃષ્ણાવતાર વખતે પણ તેમના પરમાત્મસ્વરૂપને ઓળખનારા ગણ્યાગાંઠયા હતા. તેમ અત્યારે પણ પૂ. શ્રી માના પરમ સ્વરૂપને ઓળખનારાઓની સંખ્યા જૂજ છે. અને જેઓ સ્વરૂપને કંઇક અંશે પામ્યા છે તેઓ પણ પૂ. શ્રી માને અપનાવી શક્યા નથી. કાંઠે બેસીને છીપલાં વીણ્યાં કરે છે, ઝંપલાવી શકતા નથી.

શ્રી આસિતભાઇ અને શ્રી હેમાબેનના જીવનમાં પણ પર-માત્માના પ્રત્યક્ષ સ્વરૂપનો પ્રત્યક્ષ યોગ પૂ. શ્રી માએ આપ્યો છે. આ યોગને આત્મસાત્ કરવામાં તેમનું મન અને તેમની કલા કેટલી ઉપયોગી થાય છે તે તો ભવિષ્ય જ કહેશે. કર્મોના રહસ્ય-જાળાં એટલાં તો અટપટ્ટા ને ગૂંચવાયેલાં છે કે પરમાત્માની પરમ ઓળખ હોવા છતાં અપનાવી શકાતા નથી.

અમેરિકન ડોક્ટરોના રીપોર્ટોએ એ સાબિત કરી બતાવ્યું છે કે આ માતૃશરીર મનુષ્યશરીર હોવા છતાં મનુષ્યશરીરના ગુણ-ધર્મોથી પર છે. સોળ સોળ વર્ષના ઉપવાસે પણ આંખો એટલી જ તેજસ્વી છે, દાંત એટલા જ સારા છે. શરીર શારીરિક પરીશ્રમ તેમ જ માનસિક પરિશ્રમ પણ અધિક કરે છે. ભૂખ, ઊંઘ અને તૃષાપર વિજય છે. સૌની ખુલ્લી આંખની આ અનુભૂતિ છે, સ્પષ્ટ દર્શન છે. છતાં ખુલ્લા દિલે પરમાત્માને પ્યાર કરી શકાતો નથી.

આપણે તો પૂ. શ્રી માના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ કે આ કલાકારોના મનમાં પ્રકટેલાં ભાન અખંડ રહે અને માતૃ-સ્વરૂપની ભક્તિ પામી ધન્ય બને.

કોઇ પણ મહાન કલાકાર પોતાની કલાશક્તિના પ્રભાવથી આપણાં મનને માતૃસ્મરણમાંથી પાછું વાળે એ વાત આપણને પૂ. શ્રી માના બાળકોને કોઇ કાળે મંજૂર નથી. આ જગતમાં કલાની મહાન હસ્તિઓ પડી છે. લલચાવનારા ભયંકર પ્રલોભનો હસ્તા-મલકવત્ છે. જેમનું મન આ માતૃસ્વરૂપમાં સ્થિર થયું છે તેમણે સતત સાવધાન રહેવાનું છે. ગમે તેવી મહાન કલાકાર હસ્તિ હોય તોપણ જ્યાંસુધી તેમની કલા પ્રભુપ્રેમને પોષક બની રહે તેટલી જ પૂ. શ્રી માના બાળકો માટે ઉપયોગી છે. જ્યારે એ કલા માતૃ-સ્વરૂપનું વિસ્મરણ કરાવે તે જ ઘડીએ તેને છોડી દેવી જોઇએ, તેના પ્રવાહમાં તણાયને માતૃસ્મરણ વિસરવાનું નથી.

શ્રી આસિતભાઇ અને હેમાબેને તો સૂરસંગીતની સરસ લ્હાણ પીરસી. તેમની સાથે તબલા ઉપર હાર્મોનિયમ સૂરાવલિ સાથે તબલાના તાલની જે જુગલબંધીમાં પોતાની નિપુણતા દર્શાવી તે જોઇ પૂ. મા ખૂબ ખુશ થઇ ગયાં. એટલું જ નહિ પણ પોતાના સ્થાન પરથી ઊભાં થઇ જઇ આ બાળકલાકાર આલાપને પ્રેમ-પૂર્વક શાલ ઓઢાડી આશીર્વાદ આપ્યા. "તારા માતા–પિતાના સંસ્કારો-ને દીપાવી, તેં તબલાવાદનની કળા ઉપર જે નિપુણતા પ્રાપ્ત કરી છે, તે કલાવડે ભારતની આ કળાનું નામ તું આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રોશન કરજે. પ્રભુ તને તારા એ કાર્યમાં સહાયરૂપ બની રહો."

પૂ. માના આવા સરસ આશીર્વાદ પોતાના પુત્રને મળેલા જોઇ, માતા–પિતા ભાવવિભોર બની ગયાં. પૂ. માની કલાપ્રિયતા તેમને પણ સ્પર્શી ગઇ.



પૂ. શ્રી માએ આ કલાકાર ત્રિપુટીને ખરા અંતરથી ભાવભરી વિદાય આપી. તેમની નમ્રતા અને પ્રેમભાવને આદર સાથે અપનાવી અંતરથી સૌને આશીર્વાદ આપ્યા. કોઇ અપેક્ષાવિના માતૃદરબારે આવી પ્રભુના જે ગુણાનુવાદ ગાયા તેથી પૂ. શ્રી મા ખૂબ જ પ્રસન્ન થયાં! શ્રી યોગેશ્વરપ્રભુના ભક્તિપદો તેમના સુરીલા કંઠદ્વારા જનસમાજ સુધી પહોંચે તેવી આશા પૂ. શ્રી મા તથા સૌ બાળકોએ વ્યક્ત કરી. તેમણે પણ આ ભાવનાને સ્વીકારી અને પોતાનું યોગદાન આપવા ઇચ્છા વ્યક્ત કરી!

શ્રી આસિતભાઇએ પણ સૌનો આભાર માન્યો. તેમણે કહ્યું, "અહીં અમને જે ભાવપૂર્વક સન્માનવામાં આવ્યા તે અમે કદી ભૂલીશું નહીં. પૂ. શ્રી માના આશીર્વાદ સદા મળતા રહે તેવી પ્રાર્થના કરીએ છીએ."

પ્રકૃતિનું સમજપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે તો તેમાં નિગૂઢરૂપે રહેલા પરમાત્માનું દર્શન સાધકને થયા વગર રહે નહિ. યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૧.

# નવા વર્ષનો પૂ. માનો સંદેશો

તંત્રી

નવરાત્રિની પ્રતિક્ષા કરતા હતા તે આવી ને ગઈ.

દીવાળી પણ વીતી ગઈ. નૂતનવર્ષ પણ પ્રારંભ પામ્યું. આજે વિશેષ શું કરવાનું છે?

૧. જીવનને નિત્ય નવી શ્રદ્ધાભક્તિથી સજાવવાનું છે.

૨. જીવનમાં નિત્ય ઊઠતા રાગ દ્વેષ ને દફનાવવાના છે.

૩. જીવનમાં નિત્ય જાગ્રત્ રહેવાનું છે.

તો દરરોજ નૂતનવર્ષ જેવો આનંદ ને ઉલ્લાસ હશે.

નવા વરસે નવા નિયમો, નવા વરસે નવા સંકલ્પો.

અરે—નવા વરસે આપણે જ નવા થઈ જઈએ.


પૂ. માનો આ સંદેશાદ્વારા એ ઈશારો છે કે દરેક સાધક પોતાની વ્યક્તિગત સાધના વધારી, આત્મિક કલ્યાણના પંથે આગળ વધે.




સાધકો સ્વર્ગારોહણના દ્વારે દેવો અને ઋષિઓના વેશ સજીને પૂ. માનું સ્વાગત કરે છે.
ફરી મહોત્સવ પ્રભુજી પોતે, પ્રગટ થયા છે આજ.



વીણા તારી અંદર જો વાગે, હૃદય ભરે છે રાગે.
ગરબા ને ભજનોના ભક્તિરસ વહાવતા સંગીતકારો ને ગરબે ઘૂમતા ભક્તો.



' અમારી યાદ રાખજો પ્રીત.'
જાણીતા સંગીતકાર 'શ્રી આસિતભાઇ દેસાઇ, શ્રીહેમાબેન તથા આલાપને ભાવભીની વિદાય.'



દર્દીનારાયણની સેવા કરતાં ડોક્ટર.



પૂ. શ્રી માની દુઆ સાથે દવા વિતરણ કરતાં સ્વયંસેવકો.



સેવા ને સ્મરણમાં મગ્ન ડો. કુંદનબેન ગોહિલ.



' મનથી ભજ મુજને અને તનથી કર સેવા.'
પરબે પાણી પાવાની સેવા કરતાં પૂ. શ્રી મા.



' પ્યાસીની મટાડું પ્યાસ.'
દર્દીઓને પણ પાણી પાતા પૂ. શ્રી મા.



' કરો પુરુષાર્થ પામો પ્રસાદ ', મેડીકલ કેમ્પની પૂર્ણાહુતિ.
શ્રી રાજુભાઇ જાની, શ્રી શાંતિભાઇ કનેરીયા, ડૉ. અમીબેન પૂ. શ્રી માનો પ્રસાદ પામે છે.



મેડીકલ કેમ્પની સાથે સાથે
સ્વર્ગારોહણના પાછલા ભાગમાં વૃક્ષોની છાયામાં પારાયણ કરતાં સાધકો.



સ્વર્ગારોહણના નવા ચોકીદાર શ્રી મહેન્દ્રભાઈના બાળક ચિ. તુષારનો યજ્ઞોપવીત સંસ્કાર.



સ્વર્ગારોહણને શ્રી શાંતિભાઈ કનેરીયા ટ્રસ્ટનો પ્રાપ્ત થયેલો પ્રસાદ.
' યોગેશ્વરમ્ '



દીવાળી–૭, નવે.–૯૯ સ્વર્ગારોહણનો

# અનોખો આત્મિક ઉત્સવ

તંત્રી

પ. પૂ. ગુરુદેવશ્રીએ આ સ્થાનને સ્વર્ગારોહણ નામ કેવા ભાવથી આપ્યું હશે–તે તો ખબર નથી. પરંતુ આજે એ નામાભિધાન તદ્દન સાર્થક થતું લાગે છે. આ સ્થાનની રચનામાં જેમનું જેમનું ભાગ્ય હતું તેમને પ. પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીએ પૂ. માના માધ્યમદ્વારા નિમિત્ત બનાવ્યા. પરંતુ તેને પ્રાકૃતિક રીતે સુશોભિત કરવાનું નિમિત્ત શ્રી મોહનભાઈ બન્યા. તો તેને દીપોત્સવીના પર્વપ્રસંગે પૂ. માએ અદ્ભુત રીતે સજાવ્યું. દીપોત્સવી એટલે દીપોનો મહોત્સવ. દીપમાળાઓની શિખાઓની સજાવટથી પ્રકાશની એક આકર્ષક દુનિયા ખડી થઈ જાય છે.

પૂ. માએ આ સજાવટમાં કોડિયાઓનો ઉપયોગ સારો એવો કર્યો છે. તો મીણબત્તીઓને પણ તેઓ ભૂલ્યાં નથી. વિજળીના આ યુગમાં રંગબેરંગી ઝબૂકતી–ઓલવાતી દીપશિખાઓ તો ખૂબ જ નયનરમ્ય લાગે. મકાનો ઉપર તો આવી અનેક હારમાળાઓ લટકાવી છે. તો વળી નાનાંમોટાં વૃક્ષો પણ રંગબેરંગી ઝબૂકતા–ઓલવાતા દીવાઓના સમૂહોથી એવાં જ સરસ શોભી રહ્યાં છે. આ દીવાલોના કાંગરાંએ પણ મીણબત્તીની જ્યોતિઓના આછા પ્રકાશથી આજે નવું રૂપ ધારણ કરી લીધું છે. પ્રકાશના અહીંના પર્વમાં તો આપણાં પૂ. મા જ છે.

પૂ. મા સર્વેશ્વરી એટલે ઉત્સવપ્રિયતાનું હાલતુંચાલતું પ્રકટ સ્વરૂપ. એમની સૂઝ અને દૃષ્ટિ પણ સૌંદર્યની ઉપાસક અને પોષક.

ક્યાં કયી વસ્તુ દીપી ઊઠે, તે તેઓને તુરત જ સૂઝે; અને પછી અનેક ઉત્સાહી બાળકો ને બાલિકાઓ તેનો અમલ કરવા લાગી જાય. પૂ. મા પોતે પણ તેમાં સાથ પૂરાવી સહુને પ્રોત્સાહિત કરતાં રહે. તેઓ આદેશ કરી કદી અળગાં નથી રહેતાં. સહુની સાથે ભળી જાય. સહુમાંના એક બની જાય. આટલી મોટી આધ્યાત્મિક પ્રતિભા એક કામ કરતી નાની બાલિકા સાથે સખી બનીને ભળી જાય. અહીં તપનો કોઇ ભાર નથી કે અહંનું આવરણ આડે આવતું નથી, એક લૌકિક માતા પોતાની નાની દીકરીને જે સહજતાથી શીખવે એવા જ વાત્સલ્યભાવથી—આ આધ્યાત્મિક માતા દીકરી-ઓને શીખવી રહ્યાં છે. એનું દર્શન ખરે જ અનેરું છે.

પૂ. માને મન હરેક પ્રવૃત્તિની પાછળ આધ્યાત્મિક ભાવ રહેવો જોઇએ; તો જ તે પ્રવૃત્તિ વ્યક્તિને જીવનમાં ઊંચે લઇ જાય. વળી પૂ. માની દૃષ્ટિમાં કોઇ પણ સેવાનું કામ નાનું નથી. પછી તે સફાઇનું હોય કે માણસોને પાણી પાવાનું કે છોડવાઓને પાણી સીંચવાનું. બધાં જ કામો વ્હાલા પ્રભુની સેવાનાં જ છે.

પૂ. માનો ભાવ એવો છે કે સ્વર્ગારોહણ એ તો પ્રભુનું પોતાનું ઘર છે. ઈશ્વરનો જ આવાસ છે. એટલે એના સુશોભનમાં દીવાઓની જેમ પ્રાંગણમાં સાથિયા પૂરાયેલા પણ જોઇએ. રંગોળીના રંગોની સજાવટ વગર આ શોભા અધૂરી લાગે. એથી ત્રણ જૂથોમાં વહેંચાઇને છોકરીઓ રંગોળી અને સાથિયાના કામમાં લાગી જાય છે. તો તે પૂર્ણ થતાં સર્વના મનને આકર્ષી લે તેવા સાથિયા ને રંગોળીથી સ્વર્ગારોહણ સવારે શોભી ઊઠે છે. આ બધાની પાછળ પૂ. માની પ્રેરણા અને માર્ગદર્શન રહેલાં છે, તે સહુ સમજી જાય છે. પૂ. માની સર્વતોમુખી પ્રતિભાનું દર્શન અહીં જોવા મળી જાય છે.



નવરાત્રિની આઠમથી (૧૭ ઓક્ટોબરથી) અહીં એકધારો ઉત્સવનો માહોલ છે. તેના 30 દિવસ તો થઇ ગયા છે. અહીં આવનારાં પાછા જવાનું નામ નથી લેતાં. રોજબરોજ સંખ્યામાં વધારો થતો રહે છે. ને આ સ્વર્ગારોહણ સાંકડું લાગવા માંડે છે. ૫૭ માણસો સમાવવાની ક્ષમતા ધરાવતા આ સ્થાનમાં ૧૫૦ ઉપર તો સમાઇ ગયા છે ને આવતા દિવસોમાં બીજા એટલા એમાં સમાઇ જાય તો નવાઇ નહીં. સહુને પૂ. માનું દર્શન અને સાન્નિધ્ય જોઇએ છે. દરેકને લાગે છે કે આઘે બીજા કોઇ સ્થાનમાં ઉતારા માટે જઇએ તો પૂ. માની એકાદ લીલાના દર્શન-થી વંચિત રહી જવાય. એના કરતા ભલેને થોડી સુવિધાનો અહીં અભાવ રહ્યો—કે થોડી બીજી તકલીફ ઊઠાવવી પડતી, કેવો સરસ ભાવ છે સાધક ભાઇબહેનોનો !

### પ્રણામલીલા

આ બધી તો ભૌતિક સજાવટની વાતો થઇ. પરંતુ પૂ. માનું લક્ષ્ય તો આધ્યાત્મિક છે. એટલે વહેલી સવારની ૬ વાગ્યાની પ્રભાતફેરી પછી હોલમાં પૂ. મા પોતાની પ્રણામલીલા આરંભે છે. આજે વરસનો છેલ્લો દિવસ છે. એટલે જેમ ચોપડાના હિસાબો ચોખ્ખા કરવામાં વેપારી લાગી જાય, તેમ આપણે પણ જીવનમાં જાણ્યે—અજાણ્યે થયેલા અપરાધોની પ્રભુ પાસે ક્ષમા માગી લઇએ. અને પ્રણામ સાથેની પ્રાર્થનાથી તે મળી જાય. એટલે થોડા થોડા સમયના અંતરે સાધકો પાસે—પોતાની સાથે સવારની બે બેઠકોમાં પૂ. મા ૫૨૫ પ્રણામ કરે છે ને કરાવે છે. તો વળી સાંજની બેઠકોમાં બીજા ૪૭૬ પ્રણામ કરી—પૂ. મા આજના આખા દિવસમાં કુલ એક હજાર ને એક પ્રણામ કરે છે. ઘણા

બધા સાધક ભાઇબહેનો—જેઓ ઘરે ભાગ્યે જ ૧૦૮ પ્રણામ કરતા હોય તે અહીં આજે ૧૦૦૦ પ્રણામ કરી શક્યાં છે, તેનું તેમને અને બીજાઓને આશ્ચર્ય થાય છે. તેના પ્રત્યુત્તરમાં પૂ. મા જણાવે છે કે ઘરે આ અખતરો કરી જોજો. એટલે એનું રહસ્ય સમજાઇ જશે! પૂ. માનો આમ કહેવા પાછળનો ઈસારો એ છે કે જો ઘરે આ ના થઇ શકે તો પૂ. માની ઉપસ્થિતિનો જ આ પ્રભાવ હતો—એ વાત આપોઆપ સમજાઇ જશે.

## નવતર ભોજન

અહીં તહેવારોમાં આવનાર ભાઇબહેનોનો મુખ્ય ઉદ્દેશ પૂ. માના દર્શનનો અને આધ્યાત્મિક લાભનો પૂ. મા સમજે છે. એટલે અહીં આવનારાઓને કોઇ સામાજીક કે સાંસારિક ફરજો તો બજાવવાની છે જ નહિ. તેમાંય બહેનોને તો રસોડાની ભારે કામગીરીમાંથી પણ સંપૂર્ણ મુક્તિ મળી ગયેલી છે. એથી અહીંના રોકાણનો વધારેમાં વધારે સમય પ્રભુભજનમાં જ ખર્ચાય—ને આવનાર વ્યક્તિ વધુમાં વધુ આત્મિક લાભથી સંપન્ન બની, સંસારમાં પાછો ફરે. એ જ પૂ. માનો ભાવ છે. એટલે સવાર-સાંજના સમૂહભોજનમાં ઓછામાં ઓછો સમય ખર્ચાય તે માટે બપોરે અલ્પાહારમાં બટાકાપૌઆ છે. સાથે છાશ પણ ખરી. તો સાંજે ખીચડી ને શાકસાથે છાશ. પૂ. મા કહે છે પેટ જ ભરવું છે ને! તો સાદા ભોજનથી જ ભરી લો એટલે શરીરમાં આળસ ને પ્રમાદ ના થાય. તેથી સારી રીતે ભજન થઇ શકે. સામાન્ય રીતે ભોજનની પરિપાટીથી આપણે ટેવાયેલા છીએ, તેનાથી અહીંનું જે ભોજન ઘણા અંશે જુદું પડે છે. છતાં ઘણા બધા પ્રણામો કરતા હોવા છતાં કોઇ થાક કે અશક્તિ અનુભવતું નથી, એ પણ પૂ. માની એક લીલાનો જ ભાગ છે.



પોતાના ઘરે શારીરિક દર્દોનો અનુભવ કરતા સાધકો—અહીં પૂ. માના સાન્નિધ્યમાં—બધામાંથી મુક્તિ અનુભવે છે, તે જોનારાઓને આશ્ચર્ય પમાડે છે. આ દેખીતા પરિવર્તન પાછળ કયું પરિબળ કામ કરે છે, તે જણાતું નથી. પરંતુ થયેલો ફેરફાર તો પ્રત્યક્ષ દેખાય છે. શ્રદ્ધાળુ આને પૂ. માની લીલા માને છે, કારણ કે તેમને મન પરિણામ જ મહત્ત્વનું છે. અને પરિણામ જેનાદ્વારા થતું અનુભવાય છે. તે પૂ. મા અહીં પ્રત્યક્ષ હાજર છે.

## MAA

**CHATAK**

Our world
Is divided into Two halves
MOTHER
&
Others.
MAA,
Bless us.
So that we always
stay in
The Better half;
In you
Within you
Around you
Incomplete without you.

# નૂતનવર્ષની ઉજવણી

નારાયણ હ. જાની

આજે નવે.-૯૯ ની નવમી તારીખ છે. ભારતીય પંચાંગ પ્રમાણે નવા ૨૦૫૬ ના વર્ષનો પહેલો દિવસ કાર્તિક સુદ ૧ ને મંગળવાર.

પ્રભાતફેરીનો ઘંટ વાગ્યો. બ્રાહ્મણોની પ્રાતઃસંધ્યા જેવો આ સરસ કાર્યક્રમ પૂ. માએ આપ્યો છે. છ વાગ્યાના કાર્યક્રમમાં ભાગ લેવા-થોડા તો વહેલા ઊઠવું પડે! પૂ. મા-પ્રભુની બાવનીઓના ગાન સાથે-સવારનું ખુલ્લામાં ફરવાનુંય થઇ જાય છે.

આજે બરાબર ૭-૦૦ વાગે પૂ. મા હોલમાં આવી જાય છે. આજે ઘણા નવા સાધક ભાઇબહેનો પણ આવ્યાં છે. બેસતું નવું વર્ષ છે ને. સહુને ભાવ છે કે નવા વર્ષે પૂ. માના મંગલ દર્શન કરી-નવા વર્ષની પ્રવૃત્તિઓનો આરંભ કરીએ.

પ્રણામલીલાનો પ્રારંભ પૂ. મા પૂ. ગુરુદેવને પ્રણામ કરીને કરે છે. બધા સાધકોનો ભાવ પણ પૂ. મા સાથે પ્રણામ કરવાનો છે. એટલે બધા પોતપોતાની જગ્યા શોધીને પ્રણામ કાર્યક્રમમાં સામેલ થઇ જાય છે. નાનાં નાનાં બાળકો પણ પ્રણામોમાં પૂ. માને સાથ પૂરાવે છે. એ દૃશ્ય ખૂબ સરસ લાગે છે. આજે એ બાળકો ભલે કંઇ સમજતાં ન હોય પણ આજના આ સંસ્કારો તેમના ચિત્તમાં જરૂરથી અંકિત થઇને રહેવાના. તે સાનુકૂળ વાતાવરણ ભવિષ્યમાં મળતાં, ફરી જરૂરથી પાંગરી ઊઠવાનો.

પ્રણામ પછી આજે સાધક ભાઇબહેનોને પૂ. ગુરુદેવ શ્રી



યોગેશ્વરજી જીવંત દર્શન થાય, તે માટે વિડિયો કેસેટ દર્શાવવામાં આવે છે. આ કેસેટ કેનેડાના ટોરેન્ટોમાં રહેતા શ્રી સુરેશભાઇ શાહના ઘરના વાર્તાલાપની છે. નવા વર્ષે પૂ. ગુરુદેવનું આવું મંગલ દર્શન થતાં સહુને ખૂબ આનંદ થાય છે. સહુ ખૂબ એકાગ્રભાવથી તે જુએ છે.

સાધકોના મંગલ માટેનું સતત ચિંતન-એટલે જાણે આપણાં મા. આજે નવાવર્ષના પ્રભાતે પૂ. મા ગંગાજળના પવિત્ર છાંટણા-થી સહુને પવિત્ર કરતાં આખા હોલમાં ફરી વળે છે. તો અમારી પાસેથી પસાર થતાં પૂ. મા ગંગાજળની ધાર કરી દે છે. માથું ને કપડાં ભીંજાઇ જાય છે. અમને ખૂબ આનંદ થઇ જાય છે. હે મા-પ્રભુ આવી જ વિશેષ કૃપાધાર વરસાવતાં રહેજો.

હવે સવારે ૯-૦૦ નો સમય થવા આવ્યો છે. બધા વિચારે છે કે રોજની જેમ હવે દૂધ પીવા માટે થોડી વિશ્રાંતિ મળશે. પણ સહુની એ ધારણા ખોટી પડે છે. પૂ. માએ આજે દૂધની વ્યવસ્થા કરવાની ના જ પાડી છે. અરે, એક દિવસ તો રોજીંદી ટેવોની ગુલામીમાંથી છૂટો! આજે તો વર્ષનો પહેલો દિવસ છે. આજથી જ એનો પ્રારંભ થાય તો શું ખોટું?

આજે સવારની બેઠક એકધારી ચાલે છે. સવારે સાતથી તે બપોરે ૧ વાગ્યા સુધી. એ દરમ્યાન ત્રણ વ્યક્તિઓને પૂ. માની ઉપસ્થિતિમાં સન્માનવામાં આવે છે. એમાં પહેલી વ્યક્તિ છે શ્રી શાન્તિભાઇ કનેરિયા-રાજકોટના ઓઇલ એન્જીનના વેપારી અને પૂ. ગુરુદેવ અને પૂ. માના અનન્ય ભક્ત. તેઓએ સ્વર્ગારોહણમાં પૂ. માનો નિવાસ અને હોલ કનેરીયા ટ્રસ્ટે બંધાવી સર્વમંગલ ટ્રસ્ટને અર્પણ કરેલ છે. આ બાંધકામનો ખર્ચ તો તેઓએ આપ્યો છે. પરંતુ તે સાથે સમય અને શ્રમ જાતે હાજર રહી કર્યો છે.

ઉપસ્થિત સાધકોને શ્રી શાન્તિભાઇનો પરિચય શ્રી પંડિતજી આપે છે, તો પૂ. શ્રીના સાહિત્ય ઉપર પી. એચ. ડી કરનાર શ્રી અરૂણાબેનનો પરિચય શ્રી કલ્યાણ આપે છે, જ્યારે શ્રી મોહન-ભાઇ પટેલનો પરિચય શ્રી નારાયણભાઇ જાની આપે છે. આ ત્રણેનું સન્માન 'ૐ યોગેશ્વર રક્ષ મામ્'ની છાપવાળી શાલો ઓઢાડી કરવામાં આવે છે.

સાંજના કાર્યક્રમમાં—વિવિધ કેન્દ્રોના સાધકો સાથે પૂ. માએ ફોટા પડાવવાની સંમતિ આપી. સાધકો માટે આ એક સરસ સ્મૃતિ બની રહી.

બહેનોના ગરબા—ગુજરાતની લોકસંસ્કૃતિના પ્રતીક જેવા છે. છેલ્લા ૨૦ દિવસથી અહીં ગવાતા રહે છે. આટલા મુક્ત વાતા-વરણ—અને પૂ. માની સંનિધિમાં—ગરબાઓ ગાવાનો આવો લહાવો ઘણાં બહેનોના જીવનમાં પહેલીવાર જ મળેલ છે, તેથી તેઓ થાક્યાવિના તેનો આનંદ માણી લે છે. ઘરે થોડું કામ કરી થાકી જતી બહેનો અહીં બબ્બે કલાકસુધી ગરબે ઘૂમતાં થાક અનુ-ભવતી નથી. જુઓ તો, પૂ. મા અહીં આ કેવું આશ્ચર્ય સર્જે છે!

સૂતાં પહેલાં પ્રાર્થના અને વંદના રોજના અહીંના કાર્યક્રમોનો એક ભાગ છે એ દ્વારા પૂ. મા સૂચવે છે કે તમારા દૈનિક જીવનમાં પણ એમને વણી લેજો. તો જ જીવનમાં સુખ અને શાન્તિ પ્રાપ્ત થશે.

આ કાર્યક્રમોમાં ભાગ લેનાર સાધકો પોતપોતાના ઉતારા માટે રોજના રૂા. ૧૦ તેમ જ ભોજનના રૂા. ૧૫ આપે છે. આ પ્રતીકાત્મક શુલ્ક છે. જેમાં સવારના દૂધના, બપોરના બટાટાપૌવા ને છાશ, તેમ જ સાંજના ખીચડી, શાક અને છાશના ભોજનનો ખર્ચ આવી જાય છે.



## નવા વર્ષે નિયમો લો

પૂ. મા ઇચ્છે છે કે અહીં આવનાર સાધક કોઇ ને કોઇ એવો નિયમ લઇને જાય કે જે તેના જીવનને પ્રભુના પંથે આગળ લઇ જાય. આ ખૂબ જરૂરી છે. તે સિવાય આત્મિક વિકાસ શક્ય નથી. આ નિયમોમાં જપના, સ્તોત્રપાઠના, શિવમહિમ્ન કે વિષ્ણુસહસ્ર-ના પાઠોના પણ લઇ શકાય. બાવનીઓ કરવાના કે પ્રણામો કરવા-ના નિયમો પણ લેવાય. તેના પાલન માટે આપણે જ આપણા ચોકીદાર બનીએ. આમ કરવાથી ધીમે ધીમે આપણું આંતરિક કલેવર બદલાતું જશે. સમય જતાં આપણે પોતે જ સંપૂર્ણ બદ-લાઇ જઇશું. પ્રભુના થઇ જઇશું.

વળી પૂ. મા સૂચવે છે કે રોજનીશી લખવાની ટેવ સારી છે તે તમને પોતાને સમજવામાં ઉપયોગી પૂરવાર થાય છે. તે પૂ. શ્રીની આત્મકથા અને અમારી નોંધપોથીઓ પરથી જોઇ શકાય છે.

વળી પૂ. મા કહે છે કે એકવાર આરંભ તો કરો ને પોતાના નિયમ બરાબર પળાય તે માટે જરૂરી શક્તિ આપવા પ્રભુને તેમ જ ગુરુદેવને પ્રાર્થના કરો. તો "જે માગે છે તેને મળે છે' તે નિયમ પ્રમાણે તમને પણ જરૂરી સહાય મળી રહેશે. તેમાં વિશ્વાસ રાખો.

o

# પ્રણામલીલા

**કલ્યાણ**

સ્વર્ગારોહણમાં પૂ. શ્રી માની પ્રણામલીલા અને પ્રણામ-નિષ્ઠાના દર્શનનો લ્હાવો બાળકો માણી રહ્યા છે.

સ્વર્ગારોહણની દરેક સુંદર સવારે બરાબર ૭–૩૦ વાગ્યે પૂ. શ્રી મા શ્રી યોગેશ્વરપ્રભુને પ્રણામોનો અર્ઘ્ય આપવા નિયમિત 'યોગકૈવલ્યમ્'માં પહોંચી જાય છે. હમણાં પૂ. શ્રી મા દરરોજ નિયમિત ૧૭૬ પ્રણામોની અંજલિ શ્રી યોગેશ્વરપ્રભુને ધરે છે.

ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુને રોજ પ્રભાતે અપાતી પ્રણામ અંજલિ પૂ. શ્રી માની તપસ્યાનો પ્રાણ ને મહત્ત્વનો ભાગ–શ્રી યોગેશ્વરપ્રભુની પ્રેમપૂર્ણ પરાક્રમી પૂજા છે. પૂ. શ્રી માનો પ્રભુ પ્રત્યેનો પરમપ્રેમ એવો તો અજોડ છે કે બધાં જ તપવ્રતોથી પૂર્ણપણે તપ કરીને પ્રભુને પ્રેમ કરી લીધો છે છતાં પ્રભુને વધુને વધુ પ્રેમ કરવાના તલસાટે પૂ. શ્રી માને શાંત રહેવા દીધાં નથી. એટલે પ્રભુને પારાવાર પ્રેમ કરવા માટે પૂ. શ્રી માએ એક નવી જ તપસ્યાની વિધિનો આવિસ્કાર કર્યો છે. શ્રી યોગેશ્વરપ્રભુના શ્રી ચરણોમાં અર્પણ કરાતા પ્રેમપૂર્ણ પ્રણામો !

ઉપવાસ અને પ્રણામોનું પૂ. શ્રી માનું વ્રત એવું તો વિરલ છે કે તપસ્યાના ઈતિહાસમાં ખરેખર અજોડ સીમાચિહ્નો ઊભાં કર્યાં છે. તપને કોઇ સિદ્ધિનું સાધન બનાવવાને બદલે પૂ. શ્રી માએ પ્રભુને પ્રેમ કરવાની પદ્ધતિ બનાવી દીધી છે ! પૂ. શ્રી માને મન વ્રત તપ એટલે પ્રભુને પ્રેમ કરીને પ્રસન્ન કરવાની પૂજાવિધિ !



હવે તો આ પરાક્રમી પ્રણામ પૂજા એ પ્રણામલીલાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ પ્રણામ લીલાદ્વારા પૂ. શ્રી મા ધારણ કરેલા લીલાવિગ્રહમાં પ્રકટેલા ઈશ સામર્થ્યનું દર્શન કરાવી રહ્યાં છે. પ્રણામોદ્વારા પ્રકટ થતી શારીરિક ક્ષમતા હવે કોઇ શરીરનું બળ નથી રહ્યું, પરંતુ એ ઉપવાસી લીલાવિગ્રહમાં પ્રભુના લીલા-સામર્થ્યનું પ્રકટ દર્શન છે.

છેલ્લે છેલ્લે અમેરિકામાં પૂ. શ્રી માએ ૧૧૦૦ પ્રણામો કરવાનું લીલાસામર્થ્ય આ લીલાવિગ્રહદ્વારા પ્રકટ કર્યું છે !

તા. ૧૭, ઓક્ટોબર–'૯૯ થી સ્વર્ગારોહણના 'યોગ-કૈવલ્યમ્'માં દરરોજ પ્રભાતે પૂ. શ્રી માની પ્રણામલીલાના દર્શન કરવાનું સૌભાગ્ય બાળકોને મળી રહ્યું છે. પૂ. શ્રી મા સવારમાં ૭–૩૦ વાગ્યે પ્રભુને પ્રણામ કરવા 'યોગકૈવલ્યમ્'માં પહોંચી જાય છે. હાજર રહેલા બાળકો પણ પૂ. શ્રી મા સાથે પ્રભુની પ્રણામ પૂજામાં જોડાય છે.

'હરિ ૐ નમો યોગેશ્વરાય' મંત્રગાન કેસેટ પર રજૂ થતાં જ હોલમાં જાણે ચૈતન્ય પ્રકટી જાય છે. શરીરમાં અનેરી સ્ફૂર્તિનો સંચાર થતો જોવા મળે છે. પૂ. શ્રી માનું દર્શન પણ માણવા જેવું છે. પૂ. શ્રી મા સાથે રાખતાં પ્રભુના સ્વરૂપને સામે ગાદીપર પધરાવીને પ્રણામ કરે છે. પછી હોલમાં નિત્ય બીરાજતા પ્રભુના મોટા સ્વરૂપને ઘૂંટણિયે પડીને પ્રણામ કરે છે. ત્યારબાદ બરાબર પ્રભુના સ્વરૂપ સામે આવીને પ્રણામ કરવા માટે સજ્જ થઇને ઊભાં રહે છે. કેસેટપર જેવું 'હરિ ૐ નમો યોગેશ્વરાય'નું મંત્ર-ગાન મધુર લય સાથે શરૂ થાય કે તરત જ પૂ. શ્રી માના સમગ્ર લીલાવિગ્રહના અણુએ અણુ જાણે સ્પંદિત થઇ ઊઠે છે. પ્રભુને પ્રણામ કરવાના બળ અને જુસ્સાથી શરીરમાં અનેરો થનગનાટ

વ્યાપી જાય છે. એ મંત્રગાનનો લય અને પ્રભાવ એવાં છે કે શરીરનું ભાન ભૂલાવીને પ્રણામોની હારમાળા સહજ આપોઆપ જ જાણે શરૂ થઇ જાય છે. શરીરના દિવ્ય ડોલન સાથે પૂ. શ્રી માના પ્રણામોની હારમાળા ચાલ્યા જ કરે છે. મંત્રગાન સાથે પ્રણામોદ્વારા પૂ. શ્રી મા બસ પ્રભુને પ્રેમ કર્યા જ કરે છે! પ્રભુના દિવ્ય આકર્ષણમાં સમય અને શરીર જાણે ભૂલાતાં રહે છે. એવું લાગે છે કે પૂ. શ્રી માને પાછળ પ્રણામ કરતાં બાળકોની દયા આવી જાય છે અને પ્રણામો પૂર્ણવિરામ પામે છે.

ગઇ ચૈત્ર નવરાત્રિમાં પૂ. શ્રી મા સવાર, બપોર, સાંજ એમ ત્રણ વખત પ્રણામો કરતાં અને બાળકોને પણ કરાવતાં. પૂ. શ્રી માને પ્રણામોદ્વારા પ્રભુને પ્રેમ કરવામાં જાણે સંતોષ થતો જ નથી. બાહુબલી, સપ્તશ્રૃંગી, દશરથાચલ અને ગંગાજીના તીર્થ-સ્થાનોમાં પણ પૂ. શ્રી મા પ્રણામોદ્વારા જ તીર્થયાત્રાની ઇતિ કર્તવ્યતા માને છે. અકસ્માતલીલા વખતે ૧૩૪ દિવસ પણ પૂ. શ્રી માએ માનસિક પ્રણામો ચાલુ રાખ્યા હતા અને પાછળથી નિશ્ચિત મુદતમાં બધાં જ બાકી રહેલા પ્રણામો પૂરા કર્યા હતા! આ છે પૂ. શ્રી માની પ્રણામ નિષ્ઠા!

મેડિકલ કેમ્પ ખૂબ જ સરસ રીતે સફળ થયો એટલે પૂ. શ્રી મા પ્રસન્ન થયાં. કોઇ પણ કાર્ય નિર્વિઘ્ને પાર પડે એટલે તેનો સઘળો યશ પૂ. શ્રી મા પ્રભુને આપે છે. પ્રભુની કૃપાને લીધે જ મેડિકલ કેમ્પ આટલી સરસ રીતે સફળતાને વર્યો. તો પ્રભુની એ કૃપાનો જવાબ પૂ. શ્રી માએ પ્રભુને વધારાના પ્રણામો કરીને આપ્યો. પ્રભુકૃપાનો જવાબ પૂ. શ્રી મા પ્રણામોદ્વારા પ્રભુનો આભાર માનીને આપ્યા વગર રહી શકતાં નથી. તેથી મેડિકલ કેમ્પને બીજે દિવસે તા. ૨૫, ઓક્ટો.–'૯૯ ના રોજ પૂ. શ્રી માએ પ્રભુકૃપાનો પ્રત્યુત્તર પ્રણામો કરીને આપ્યો.



એક સાથે ૫૦૧ પ્રણામો એ કોઇ સાધારણ વાત નથી અને એ વળી આ ઉપવાસી શરીરે! પૂ. શ્રી માના લીલાવિગ્રહદ્વારા પ્રકટ થતી પરમશક્તિની લીલા ખરેખર અલૌકિક અને અદ્‌ભુત છે. અમેરિકન ડોક્ટરોના રિપોર્ટોએ બતાવ્યું છે કે ઉપવાસી શરીરમાં પણ પૂર્ણ આરોગ્ય સચવાયું છે. આખુંયે શરીરયંત્ર સરસ રીતે કાર્ય કરે છે. ક્યાંય કોઇ જાતની ખામી નથી! આપણને આશ્ચર્ય થાય છે કે શરીરના સહજ ગુણધર્મો ભૂખ, ઊંઘ અને તૃષાની તૃપ્તિવિના આ શરીરયંત્ર આટલું વ્યવસ્થિત કેવી રીતે ચાલે છે? શરીરના ગુણધર્મોની ઉપરવટ જઇને આ શરીરને ખરેખર કોણ ચલાવી રહ્યું છે? આ વર્ષોના ઉપવાસી શરીરમાં દંડબેઠકના કઠોર પરિશ્રમના વ્યાયામ જેવા પ્રણામો કરવાની શક્તિ ક્યાંથી પ્રકટે છે?

ભગવાન રામ અને ભગવાન શ્રીકૃષ્ણના અસાધારણ પરાક્રમોની વાતો આપણે રામાયણ અને ભાગવતમાં સાંભળીએ છીએ. પ્રભુના લીલાવિગ્રહે એ અસાધારણ લીલા સામર્થ્યનું દર્શન કરાવ્યું છે. પ્રભુના એ લીલાસામર્થ્ય સામે રાક્ષસોની પ્રચંડ શક્તિ પણ ટક્કર જીલી શકી નથી! પૂ. શ્રી માના લીલાવિગ્રહમાં અને સંકલ્પમાં પણ પરમાત્માનું અસીમ લીલાસામર્થ્ય પ્રકટ થયેલું દેખાય છે. પૂ. શ્રી માના સંકલ્પ આગળ કશું જ અશક્ય નથી. દશરથની ભયંકર ઠંડી રાતને હૂંફાળી કરી શકે છે. જગન્નાથજીના સમુદ્રને સંકલ્પમાત્રથી દોડતો કરી શકે છે. ઘરમાં આવી ચૂકેલા યમરાજાના દૂતોને પાછા વાળીને અનેક બાળકોને નવજીવન આપ્યું છે. મૃત્યુ પછી પણ પૂ. શ્રી માના બાળકોપર યમરાજાનો પડછાયો પડી શકતો નથી! શરીર છોડયા પછી પણ પોતાનાં બાળકોને સદ્‌ગુરુ વડલે કિલ્લોલ કરતા કરી શકે છે! આંતરલોકમાં પણ પૂ. શ્રી માના બાળકોની ગતિને કોઇ કુંઠિત કરી શકતું નથી! સમગ્ર બ્રહ્માંડમાં પૂ. શ્રી માની પરમસત્તાની આણ પ્રવર્તે છે!

સ્વર્ગારોહણમાં સુરમ્ય પ્રભાત પ્રકટે છે અને 'યોગશૈવલ્યમ્'-માં પૂ. શ્રી માની પ્રણામલીલાનાં દર્શન માણીને બાળકો ધન્ય બની જાય છે. પ્રણામ એ પ્રભુને પ્રેમ કરવાની પૂ. શ્રી માની અનોખી રીત છે અને પોતાના બાળકોને પણ તે શીખવી રહ્યાં છે.

હમણાં હમણાં તો સ્વર્ગારોહણમાં પૂ. શ્રી માની અનોખી દર્શનલીલાનું સૌભાગ્ય બાળકો માણી રહ્યા છે. સ્વર્ગારોહણની સવાર, બપોર અને સાંજ પૂ. શ્રી માના દર્શને ધન્ય બની જાય છે. નાનામોટા સૌ બાળકોનું સંસ્કારઘડતર પૂ. શ્રી મા અદ્‌ભુત રીતે કરી રહ્યાં છે. પ્રણામલીલાદ્વારા પૂ. શ્રી મા પોતાના બાળકોનું શારીરિક અને માનસિક ઘડતર કરી રહ્યાં છે. પ્રણામોદ્વારા શરીર-ને સર્વાંગી વ્યાયામ મળી રહે છે ને શરીર સ્વસ્થ રહે છે. આ વ્યાયામ સાથે ભક્તિનો પ્રયોગ છે.

સાધકો પ્રણામને એક તપસ્યા સમજીને પ્રભુની પ્રસન્નતા માટે પ્રણામ તપસ્યા પણ કરી શકે છે અને પ્રભુની કૃપા પ્રામ પણ કરી શકે છે!

પ્રભુને કરાતા પ્રેમપૂર્ણ પ્રણામોદ્વારા શું સિદ્ધ ન થઇ શકે? પૂ. શ્રી મા એવું ઇચ્છે છે કે એમના બાળકો પ્રણામની તપસ્યાદ્વારા પ્રભુને પ્રસન્ન કરીને મુક્તિનાં મંગલદ્વાર જરૂર ઊઘાડી શકશે!

પ્રણામ એટલે નમ્રતાથી પ્રભુને પ્રામ કરવાનો પૂ. શ્રી માએ પસંદ કરેલો પ્રેમપંથ!

---

જડ પદાર્થમાં જે સુખ કે આનંદનો અનુભવ થાય છે, તે ખરે જ સાચો આનંદ કે સુખ નથી કેવળ તે તેમનો આભાસમાત્ર છે. સાચું સુખ અને આનંદ એ આત્માનો ધર્મ છે. ચેતનનો ધર્મ છે, પરમાત્માનો ધર્મ છે. એટલે આ વાત સાચી રીતે સમજાય તો જડ પદાર્થોમાં આનંદ કે સુખ શોધવા માણસ પ્રયત્ન કરતો અટકી જાય.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail :
hpathakji@yahoo.Com

# યજ્ઞોપવીત સમારંભ

તંત્રી

પૂ. માનો સ્વભાવ કરુણાર્દ્ર છે. અંબાજીમાં એક દિવસ હોલમાં પ્રવેશતાં પહેલાં પૂ. મા બાજુના ચોકીદારના ક્વાટરમાં પહોંચી ગયાં. મહેન્દ્રભાઇ ચોકીદાર અને તેના પત્ની રંજનબેન –પૂ. માને આવેલાં જોઇ ભાવવિભોર બની ગયાં. પૂ. માએ પૂછ્યું, 'કંઇ તકલીફ છે?' તો રંજનબેને વાતચીત દરમ્યાન કહ્યું, "અમે બ્રાહ્મણ છીએ. અમારો પુત્ર તુષાર યજ્ઞોપવીત આપવા જેવડો થયો છે. પરંતુ અમારી પાસે એને યજ્ઞોપવીત દેવા જેટલી શક્તિ નથી."

બસ. પૂ. માએ આ વાત જાણતાં જ લખીને કહી દીધું તમે ચિંતા ના કરો. તમારા પુત્રને અહીં આવેલ સાધકો અમારી હાજરીમાં જનોઇ દઇ દેશે."

અને, પછી શ્રી પંડિતજીને પૂછીને યજ્ઞોપવીતનું મુહૂર્ત પૂ. માએ નક્કી કરી દીધું. તા. ૨૫–૧૦–૯૯ નો દિવસ. વચ્ચે બે દિવસ જ હતા. એટલે તે ભાઇએ પોતાના નજીકના સગાંઓને ફોનથી ખબર આપી દીધા. તેમાં પણ પૂ. માએ મદદ કરી. તુષાર-ના, તેના માતા–પિતા અને બહેન માટેના કપડાં પણ પૂ. માની સૂચના પ્રમાણે ખરીદાઇ ગયાં ને શ્રી પંડિતજીએ જરૂરી પૂજાની સામગ્રી પણ ભેગી કરી દીધી.

'યોગશૈવલ્યમ્' હોલમાં સહુ સાધકોની હાજરીમાં શાસ્ત્રોક્ત-વિધિથી તુષારના યજ્ઞોપવીત સંસ્કાર થયા. તેમના સગાંઓએ પણ કહ્યું અમારા પુત્રોને અમે આવી સારી રીતે યજ્ઞોપવીત આપી નથી શક્યાં.



આ પ્રસંગે સરસ જમણવાર પણ સાધકો તરફથી કરવામાં આવ્યો. બાળક તુષારને પૂ. માએ આશીર્વાદ આપ્યા. તો એક નાનકડા સમારંભમાં તુષારની માતા શ્રી રંજનબેનને આશીર્વાદ સાથે જરૂરી કપડાં ઉપરાંત રૂા. ૧૧૦૧ ની રોકડી રકમ પણ આપવામાં આવી.

શ્રી મહેન્દ્રભાઇ ને રંજનબેનની મદદે જાણે પૂ. માના સ્વરૂપમાં પ્રભુ જ આવ્યા, એવું થયું. એક ચોકીદાર જેવી વ્યક્તિ પર પૂ. મા અઢળક ઢળ્યાં. પૂ. માની અહેતુકી કૃપા જેના પર વરસે તેની ભૌતિક સમસ્યાઓ પણ આમ ઉકલી જાય. પૂ. માની સન્મુખ થયેલો કોઇ પણ જીવ–પછી તે ગમે તેવો હોય–કૃતાર્થ બની જાય છે. પૂ. માએ આ રીતે એ પરિવારના જીવનમાં પૂ. ગુરુદેવ અને પ્રભુનો પ્રવેશ કરાવી દીધો. ધન્ય છે તમારી આ શૈલીને!

આ પ્રસંગે પૂ. માએ એક બીજી લીલા પણ કરી. શ્રી પંડિતજીએ આ યજ્ઞોપવીતની વિધિ કરાવી તે બદલ તેમને રૂા. ૫૦૧ ની દક્ષિણા આપવામાં આવી. તો તેઓએ તે લેવાની ના પાડી. તેમનો ભાવ જોઇને પૂ. માએ દક્ષિણાનું તે કવર પંડિતજીને આપી દીધું. પરંતુ તે માંહેની રૂા. ૫૦૧ ની રકમ કાઢી લીધી અને લખ્યું. 'આ રકમમાંથી તમારા પૂ. પિતાશ્રીના નામે અધ્યાત્મના બે આજીવન સભ્યો નોંધાવો!

પૂ. માની આ કેવી 'કરુણા છે. તે જીવને સુયોગ્ય દાન કેમ થાય તે શીખવે છે. તો શ્રી પંડિતજીએ પણ પૂ. માના એ પ્રસ્તાવને સહર્ષ સ્વીકારી લીધો. પંડિતજીની પૂ. મા પ્રત્યેની શ્રદ્ધાભક્તિ અને ભાવ ખરેખર પ્રસંશનીય છે. □

# ત્રિકાળ વંદના

કલ્યાણ

પોતાના બાળકો પ્રમાદ કે આળસમાં સમય વીતાવે તે પૂ. માને જરા પણ ગમે નહીં. આમ તો દોઢ વાગ્યે બાળકો બપોરના ભોજનથી પરવારે અને ત્યાર બાદ ૨–૩૦ વાગ્યે સંકીર્તનનો કાર્યક્રમ હોય છે. વચ્ચે એક કલાક આરામનો હોય છે, પરંતુ આરામ એટલે ઊંઘ નહીં! બરાબર તે જ સમયના ગાળામાં પૂ. શ્રી મા સ્વર્ગારોહણમાં લટાર મારવા નીકળ્યાં, તો મોટાભાગના ઊંઘતા જણાયા! પૂ. શ્રી માએ પાટીમાં લખ્યું, 'સ્વર્ગારોહણ જાણે શ્રીમંતોનું રેસ્ટહાઉસ ન હોય?' તે દિવસથી પૂ. શ્રી માએ બપોરે ઊંઘ ન કરવાનો આદેશ આપી દીધો છે! પૂ. શ્રી મા જાણે ચોકીદાર બનીને પોતાના બાળકોની ચોકી કરી રહ્યાં છે. એટલે તો બપોરની ૨૫ મિનિટની ભક્તિફેરી શરૂ કરાવી છે.

સ્વર્ગારોહણમાં કાળદેવ આપણા માટે સુવર્ણતકોનો થાળ લઈને આવ્યો છે. કારણ કે અત્યારે સ્વર્ગારોહણમાં પરમશક્તિ પૂ. શ્રી માનો પ્રકટ લીલાવિહાર ચાલી રહ્યો છે. જાણે અમૃતવર્ષા થઈ રહી છે. પ્રેમગંગા વહી રહી છે. પૂ. શ્રી મા કૃપાનો ગિરિરાજ ધારણ કરીને ઊભાં છે, પ્રેમગંગામાં સ્નાન કરવાનો અને કૃપાના ગિરિરાજ તળે આશ્રય લેવાનો અનેરો અવસર સ્વર્ગારોહણના આંગણે સૌ બાળકોને પૂ. શ્રી માએ આપ્યો છે. પ્રમાદ તજીને પૂ. શ્રી માની કૃપાનો પ્રસાદ પામી લઈએ.

મળ્યો અવસર અનેરો તો ન ખોવો પ્રમાદે એને,
લગન દિલની લઈને ગુણો 'મા'ના સદા ગાઓ.

સાધના કરવા આવ્યા છો તો સવારે વહેલા ઊઠવું જોઈએ.



પરંતુ તે માટે કંઈ નિમિત્ત જોઈએ. તો પૂ. માએ સૂચવ્યું કે સવારે છ વાગે પ્રભાત વંદના કરો. પૂ. શ્રી અને પૂ. માની બે બાવનીઓ બોલતાં બોલતાં સ્વર્ગારોહણના દરવાજાથી કુટિયા સુધીની ત્રણ ફેરી કરો એથી ઊંઘ તો ઊડી જશે. ગુરુદેવ પ્રભુ અને પૂ. માના ગુણગાન ગવાશે ને વહેલી સવારના શાંત અને ખુલ્લા વાતાવરણની તાજી હવાનો લાભ મળશે.

રાતે પણ ભોજન પછી ૮ વાગે સંધ્યાવંદના શરૂ થાય. આમાં પ્રભુના પવિત્ર નામની ધૂનો બેત્રણ બહેનો બોલાવે અને પાછળ ચાલતી બહેનો અને ભાઈઓ તે ઝીલે. આ દૃશ્ય પણ અનુપમ લાગે.

આ ત્રિકાલ વંદના ચાલુ કરવા પાછળનો પૂ. માનો ભાવ એ છે કે સાધના કરવી હશે તો પ્રમાદ ને આળસનો ત્યાગ કરવો પડશે. એટલે તીર્થમાં અને પૂ. માના સાન્નિધ્યમાં આવ્યા છો પૂરેપૂરા જાગૃત થઈ–પ્રભુસ્મરણ અને પૂ. માના સાન્નિધ્યનો પૂરો લાભ લઈ લો. પૂ. માની આ લીલાને વંદન હો.

## સ્વર્ગારોહણના વિવિધ કાર્યક્રમો (પૃષ્ઠ ૫૬ નું અનુસંધાન)

સ્વર્ગારોહણમાં ચા, કોફી આપવામાં આવતા નહિ. એટલે અહીં રહે તેટલા દિવસો માટે સાધકનું વ્યસન છૂટી જતું. વળી અહીં અખબારો આવતાં નહિ કે ટી. વી. પ્રસારણ પણ જોવા મળતું નહિ. વાતાવરણ સાવ મુક્ત જણાતું. બહારની દુનિયાના સંપર્કથી સાવ મુક્ત.

અહીં સાધકો જપ કરતા, પ્રદક્ષિણા કરતા, એકાંતમાં બેસી વાંચન કરતા કે ધ્યાન કરતા જણાતા. પૂ. માની નજર બધે ફરતી રહેતી. ક્યાંય પણ શિથિલતા કે શિસ્તનો ભંગ જણાતાં, પૂ. મા તુર્ત જ જાગ્રત્ બની સાધકોનું ધ્યાન દોરતાં. તો કદીક કડક બની ઠપકો પણ આપતાં.

# ૧૮૦૦ દિવસના નિર્જળા પૂરા થયા

નારાયણ હ. જાની

નવેમ્બર–'૯૯ માં પૂ. મા ભારતમાં અંબાજીના સ્વર્ગારોહણમાં વિરાજતાં હતાં. ત્યાં સાધકોને ખબર પડી કે તા. ૧૧–૧૧–૯૯ ના રોજ પૂ. માના ૧૮૦૦ દિવસના નિર્જળા પૂરા થાય છે. પૂ. માના સાધનાત્મક જીવનમાં આ એક અદ્‌ભુત ઘટના હતી, તો સાધકોને મન પણ આ એક સીમાચિહ્‌ન દિનનું મૂલ્ય ઓછું ન હતું. આથી સહુ સાધકોએ પૂ. માના આ દિનની ઉજવણી અનોખી રીતે કરવા વિચાર્યું.

શ્રી વિજયભાઇ પંડિત તો તુર્ત જ વિચારવા લાગી ગયા. બે રાતોના ઉજાગરા કરી એક નાટ્યપ્રયોગના સંવાદો લખ્યા. તો તે માટેનાં પાત્રો પણ પસંદ કરી લીધાં ને સંવાદોનું રીહર્સલ શરૂ થઇ ગયું.

પૂ. માની સાધના પદ્ધતિ અનોખી છે, તેમાં ત્રણ મુખ્ય સાધનોનો સમન્વય છે. પ્રાર્થના સહિતના જપ, ઉપવાસો અને પ્રભુના ચરણોમાં પ્રણામોના અર્ઘ્ય. આમ તો તા. ૧૮–માર્ચ, ૧૯૮૪ પછી પૂ. માએ કદી અન્ન લીધું નથી. મીઠું પણ લેતાં નથી. તો ફળ, દૂધ પણ અલ્પ પ્રમાણમાં લે, થોડું પાણી લે. દિવસમાં ભાગ્યે એકાદ બે નાના ગ્લાસ જેટલું. પરંતુ તેમાંય નિર્જળાવ્રતના પ્રભુ યોગેશ્વરજીના ચરણોમાં અર્ઘ્ય ધરવાની એમની પદ્ધતિ સાવ અનોખી છે. આમ છતાં કોઇ શારીરિક તકલીફ પૂ. માને થતી નથી. તે દાક્તરોને મૂંઝવે તેવો પ્રશ્ન છે.



નિર્જળાવ્રત એ ઘણું કઠણ તપ છે. સાદો દૂધફળ પરનો ઉપવાસ પણ જો અઘરો લાગતો હોય, તો નિર્જળા ઉપવાસ તો કેટલો કઠિન લાગે. અરે, તે માટે એક દિવસનું નિર્જળા વ્રત તો કરી જુઓ. તો જ આ ૧૮૦૦ નિર્જળા વ્રતના દિવસોનું મહત્ત્વ અને કઠનાઇ સમજી શકાય. પૂ. માનું આંતરિક ખમીર કેટલું પ્રબળ છે, એની પીછાન આપણી બુદ્ધિનો વિષય કદી બની શકે નહિ. હમણાં અંબાજીમાં એક બહેને પ્રશ્ન કર્યો કે "પૂ. મા, શરીરને આ રીતે કષ્ટ આપી રહ્યાં છે તે બરાબર લાગતું નથી." તો પૂ. માએ તેના પ્રત્યુત્તરમાં લખ્યું, "એક ગર્ભવતી સ્ત્રીને જેમ પેટમાંના ગર્ભનો ભાર સહજ રીતે લાગતો નથી, તે રીતે અમને અમારા તપનું કોઇ કષ્ટ લાગતું નથી."

પૂ. માના આ શબ્દો કેટલા બધા સહજ અને સૂચક છે!

આથી પૂ. મા જ્યારે તા. ૧૧ મીએ રાતની બેઠકમાં પધાર્યાં ત્યારે ભારતમાં ભિન્ન ભિન્ન રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા પોષાકોવાળી વિદ્યાર્થીનીએ પૂ. માના આ અનોખા તપનું 'ૐ મા, જય મા'ના ઉદ્‌ઘોષ સાથે નૃત્ય કરી અભિવાદન કર્યું. આ દૃશ્યમાં વિદ્યાર્થીઓએ પોતાનો ભાવ સરસ રીતે રજૂ કર્યો. જોનારા પણ ભાવવિભોર બની આ રજુઆતને માણી રહ્યા.

પૂ. માના જન્મ દિવસે રાતે શ્રી પંડિતજીએ પૂ. માના તપના વિષય ઉપર એક નાટ્યપ્રયોગ પણ રજૂ કર્યો. તે પહેલાં બહેનોએ સરસ વેષભૂષા સજી હાથમાં દીવડાઓ સાથે પૂ. માની સન્મુખ અભિનય નૃત્ય કરી, આ જ દીવડાઓની ગોઠવણીથી મોટા અક્ષરમાં પૂ. મા એમ લખ્યું. પૂ. મા શબ્દો સરસ રીતે શોભી રહ્યા.

પ્રાચીન ઋષિઓના પાત્રોવાળા આ નાટકમાં પૂ. માના આ

તપનો મહિમા જાણવા ઋષિઓ પણ ઇંતેજાર થઇ પરમ ભાગવત એવા શુકદેવજી પાસે જાય છે. તેઓના તપ વિષેના પ્રશ્નોના ખુલાસા મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં ઉત્તરાધિકારી મા સર્વેશ્વરીના અભૂતપૂર્વ તપથી મળી શકે છે. પૂ. યોગેશ્વરજીના મૂક અભિનયમાં વડોદરાના યુવાનનો અભિનય પૂ. માને ગમી ગયો.

વળી આવાં પૂ. માની દિવ્ય શક્તિનો અનુભવ કરાવતી કેસરમાસીના જીવનની એક સત્ય ઘટના પર આધારિત દૃશ્ય પણ રજૂ કરવામાં આવે છે. કેસરમાસી શ્રી બાપજીનાં માસી છે ને પૂ. મામાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે છે. તેમને લેવા યમના દૂતો આવે છે. તો કેસરમાસી પૂ. મા સર્વેશ્વરીને યાદ કરે છે. તુર્ત જ પૂ. માનું દિવ્ય સ્વરૂપ ત્રિશૂળ સાથે પ્રગટ થાય છે ને યમના દૂતો–પોતાનો પરાજય સ્વીકારી માતૃશક્તિને વંદન કરી વિદાય થઇ જાય છે.

આ દૃશ્યમાં મા સર્વેશ્વરી, કેસરમાસી તથા યમદૂતના પાત્રોનો અભિનય સૌ વખાણે છે. પૂ. મા પણ તે જોઇ પ્રસન્નતા વ્યક્ત કરે છે.

**કવિસંમેલન**

પૂ. મા હંમેશા નિત્ય નવા નવા કાર્યક્રમો રચ્યાં કરે. એક દિવસ રાતના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને બીજાઓનું કવિ સંમેલન યોજ્યું. એનું સંચાલન કરવાનો કાર્યભાર શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટરને સોંપ્યો. તે પોતે પણ સરસ ગઝલો રચી શકે, ગાઇ શકે. ગઝલ માટેની તેની સૂઝ બહુ સારી. વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ એવી સરસ રજૂઆતો કરી કે સૌ ખુશ થઇ ગયા. નવી પ્રતિભા આમ જ બહાર આવે. પૂ. માના આ નવા કાર્યક્રમને સહુએ ખૂબ સારી રીતે માણ્યો અને વખાણ્યો. □



# પૂ. માનો ૫૭ મો જન્મદિન

તંત્રી

આ વરસે દીવાળી પછી પૂ. મા સ્વર્ગારોહણમાં જ હતાં. તો ૧૩ નવેમ્બર પૂ. માનો જન્મ દિવસ. ૫૬ વર્ષ પૂરાં કરી, પૂ. મા તે દિવસે ૫૭ વર્ષમાં પ્રવેશ કરવાનાં. પૂ. માના અગાઉના સંકલ્પ પ્રમાણે, વરસમાં ચાર દિવસ તેઓ એક લાખ જપ એક દિવસમાં પૂરા કરે. ૧૩ નવેમ્બર પણ તેમાંનો એક દિવસ. એટલે તે દિવસ આખો પૂ. માનો જપમાં જ જાય. ભાગ્યે જ તેમનાં દર્શન થાય.

આ વર્ષે તા. ૧૩ નવેમ્બરને લાભપાંચમ. અંબાજીનું તીર્થ અને પૂ. મા સ્વર્ગારોહણમાં. છતાં પૂ. માનાં દર્શન નહિ થાય કે શું? આવી સાધકોને ભીતિ! પરંતુ પૂ. મા ખૂબ કરુણાવાળાં. તેઓએ પોતાનો જપમાં બેસવાનો સમય ફેરવ્યો અને તા. ૧૨ મીએ બપોરથી જ સ્નાન કરી જપમાં બેસી ગયાં. પૂ. માને આ જપસંખ્યા પૂરી કરતાં લગભગ ચોવીસ કલાક થાય. કેવું પ્રબળ સંકલ્પબળ અને તપ કરવાની લગની હોય તો જ આવી સાધના થઇ શકે. પૂ. માનું મનોબળ હિમાલય જેવું. મેરુ ચળે પણ મનડું ના ડગે. તો જ તેઓ આવી વિરલ ને અદ્ભુત સાધના કરી શક્યાં છે.

પૂ. માએ પોતાના જપ તા. ૧૩ મીએ બપોરસુધીમાં પૂરા કર્યાં અને પ્રસન્નવદને હોલમાં સાધકોની વચ્ચે ઉપસ્થિત થયાં. બધા જ સાધકો ખુશખુશાલ થઇ ગયા. બધાંને થયું પૂ. માએ અમારા અંતરની પ્રાર્થના સાંભળી. પૂ. માનું આ તપ કેવું હોય છે તે

સાધકોએ પ્રત્યક્ષ જોયું. અખંડ એકધારું—ચોવીસ કલાક—સહેજ પણ ઊંઘ કે પ્રમાદ વગર—થતું આ તપ આજની દુનિયામાં ક્યાં જોવા મળે! છતાં પૂ. માને એ તપનો કોઈ ભાર નથી. એનું કોઈ અહં નથી. પ્રસિદ્ધિની કોઈ ખેવના નથી. તેમની એક માત્ર ઇચ્છા છે પોતાના પ્યારા પ્રભુ—ગુરુ યોગેશ્વરજીને પ્રસન્ન કરવાની. બદલામાં તેઓને કશું નથી જોઈતું—ગુરુની પ્રસન્નતા ખાતર જ તેઓ આવા તપોની અંજલિઓ પૂ. ગુરુદેવના શ્રીચરણે ધરતાં રહે છે. તેઓને કોઈ લૌકિક કે પારલૌકિક ઇચ્છા નથી. કોઈ પણ પ્રકારની ઇચ્છાવગરની—પ્રેમ ખાતર જ પ્રભુને પ્રેમ કરનારી આવી વિરલ વ્યક્તિ આજની દુનિયામાં ક્યાં જડે? એટલે જ તો પ્રભુને પણ પાગલ બનીને એમની પાછળ પાછળ ફરવું પડે ને! ધન્ય છે હે મા! તમારી એ ભાવનાને—તમોને અને તમારા અદ્ભુત તપને.

સાધકો વતી શ્રી બાપજી, શ્રી કલ્યાણ અને શ્રી નારાયણભાઈ જાનીએ પ્રભુ પૂ. માને લાંબુ અને સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય આપે એવી મનોભાવનાઓ વ્યક્ત કરી.

### તંદુરસ્તીની જાળવણી માટે વ્યાયામ અતિ આવશ્યક

પૂ. માએ એક દિવસ સવારના પ્રણામો અને પ્રાર્થના પૂરી થતાં, બધાંને ઊભા કરી થોડો હળવો વ્યાયામ કરાવ્યો. પોતે ઘણાં બધાં અતિ અઘરાં આસનો પણ કરી બતાવ્યાં. ઘડીભર સહુને લાગ્યું કે પૂ. માનું શરીર આટલું બધું સરસ રીતે વળે છે, તો તેમાં હાડકાં છે કેમ?

વળી હાથ, પગ અને કમ્મરની કસરતો ઉપરાંત ઝડપી ચાલ, આંગળીઓ અને પાનીઓ ઉપરની ચાલ અને સીધી અને અવળી ચાલો પણ બતાવી. પૂ. માના શરીરની આશ્ચર્ય પમાડે તેવી તરલતા



સહુ સાધકો જોતા જ રહી ગયા.

પછી પૂ. માએ લખ્યું, "આટલા ઉપવાસો છતાં આ શરીર આજે સ્વસ્થ દેખાય છે, તેમાં પૂ. ગુરુદેવની કૃપા ઉપરાંત નિયમિત વ્યાયામનો પણ ફાળો છે. અમે રોજ એક કલાક ઉતારામાં વ્યાયામ ઉપરાંત ચાલતાં ચાલતાં જપ પણ કરીએ છીએ."

આ દ્વારા પૂ. માનો સંદેશ એ હતો કે તમે સહુ પણ નિયમિત વ્યાયામ—થોડો પણ કરો—શરીરને સ્વસ્થ રાખવા માટે તે ખૂબ જરૂરી છે. સ્વસ્થ શરીર વિના સાધના કરવી શક્ય નથી.

### ધ્યાન માટે બેસો

તો વળી બે દિવસ પૂ. માએ પ્રણામ અને પ્રાર્થનાઓ પછી, સાધકોને સમૂહધ્યાનમાં પણ ૧૦ અને ૧૫ મિનિટ બેસાડયા. પૂ. મા લખે છે ધ્યાન માટે પદ્માસન શ્રેષ્ઠ છે. સંસારના કાદવ વચ્ચે તે તમને કમળની જેમ અલિપ્ત રહેતાં શીખવે છે. પદ્માસનમાં ન બેસાય તો બીજા કોઈ આસનમાં અનુકૂળતા લાગે તેમાં બેસો. શરીરને બેસવાની ટેવ પાડો. શરીર એકવાર સ્થિર આસનમાં બેસતું થઈ જાય પછી મનને પણ બેસાડો. પ્રભુ કે ગુરુમાં જોડો. જો શરીર જ નહિ બેસે, તો પછી મન તો કેવી રીતે બેસતાં ટેવાવાનું?

અંતર્મુખ થવા માટે ધ્યાન ખૂબ જરૂરી છે. તેને દૈનિક જીવનનો ક્રમ બનાવશો તો જીવનમાં આત્મિક શાન્તિની પ્રાપ્તિ માટેનું દ્વાર ધીમે ધીમે ઊઘડશે.

પૂ. માની પોતાની હાજરીમાં સાધકોને ધ્યાનમાં બેસાડવાની આ વાત ખૂબ ગમી. સહુને શાન્તિનો અનુભવ થતો—એમ લાગ્યું.

## આદિવાસી કન્યાઓને ડ્રેસ વિતરણ

અંબાજીમાં આદિવાસી કન્યાઓ માટેનું નિવાસી છાત્રાલય છે. આ છાત્રાલયમાં ધોરણ ૮ થી ૧૦ સુધીની કન્યાઓ અભ્યાસ કરે છે.

પૂ. માના જાણવામાં આવ્યું કે આ કન્યાઓને યુનિફોર્મ તો સરકાર તરફથી મળે છે. કિન્તુ તેમની પાસે પોતાનો કોઇ સારો ડ્રેસ હોતો નથી. અને સ્કૂલ યુનિફોર્મ પહેરીને તો બધે થોડું જવાય !

પૂ. માને આ ગરીબ આદિવાસી કન્યાઓની સ્થિતિ અંગે કરુણા થઇ આવી. તુર્ત જ બે બહેનોને અમદાવાદ મોકલી પૂ. માએ બધી જ બહેનો માટે સરસ ડ્રેસ મંગાવી દીધા. તેના વિતરણનો એક ખાસ નાનો સમારંભ તા. ૨૩–૧૧–૯૯ ના રોજ સ્વર્ગારોહણના હોલમાં યોજવામાં આવ્યો.

પ્રારંભમાં નાનકડી દિશાબેને ધૂનો બોલાવી. તો નૃત્યકાર મીનળબેને ગુરુવંદનાનું ગાન કરાવ્યું. સર્વમંગલ ટ્રસ્ટ તરફથી પ્રયોજાએલ આ કાર્યક્રમમાં ટ્રસ્ટી શ્રી રાજુભાઇ જાનીએ ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. તો પૂ. માની અદ્‌ભુત સાધનાની વાતો પણ કરી પછી પૂ. માના હસ્તે બધી જ બાળાઓને ડ્રેસની સાથે એક એક સરલ ગીતા પણ ભેટ આપવામાં આવી.

આ સંસ્થા વતી શ્રી કે. ડી. બગડા અને શ્રી આર. કે. પટેલે પૂ. મા તથા ટ્રસ્ટનો આભાર માન્યો. તેઓએ કહ્યું કે સંસ્થાઓને દાન આપનારા મળે છે, પરંતુ આ રીતે ગરીબ કન્યાઓને ભાગ્યે જ કોઇ કંઇ આપતું હોય છે.

પૂ. માની આ દૃષ્ટિની તેઓએ ખૂબ સરાહના કરી. પૂ. માએ



સૂચવ્યું કે આ બાળાઓને પ્રાર્થના વખતે સરલગીતાનો એક એક અધ્યાય કરાવજો. તો તે ઉત્તમ થશે. ગૃહપતિએ તે માટે ખાત્રી આપી.

કપૂરાના શ્રી ઈશ્વરભાઇ ભક્ત–પરમાર્થીના સ્વર્ગવાસ નિમિત્તે આ બાળાઓને પૂ. માએ આઇસક્રીમ પણ ખવડાવ્યો.

આ ડ્રેસ વિતરણદ્વારા પૂ. માએ યોગ્ય પાત્રને કેવી રીતે દાન આપી શકાય તેની સમજ પણ સાધકોને આપી. પૂ. માની આવી સૂક્ષ્મદૃષ્ટિને સહુ વંદી રહ્યા. આવો સારો ડ્રેસ મળવાની ખુશી દરેક બાળાના મુખ ઉપર અંકિત થયેલી જણાતી હતી. તેમને થયું હશે કે ભલે અમે એમને ના જાણતાં હોઇએ પણ અમારો વિચાર કરનારી કોઇ 'મા' છે. એટલે જ એ મા પરમાર્થીના શબ્દોમાં 'જગજનની મા સર્વેશ્વરી'નું બિરુદ એમની બાવનીમાં પામી છે, તે શું યથાર્થ નથી લાગતું ?–એ માનો જય હો, જય હો, જય હો.

## ખાતમુહૂર્ત

પૂ. માની અનુમતિ મળતાં શ્રી શાન્તિભાઇ કનેરિયા ટ્રસ્ટે, "યોગકૈવલ્યમ્"ના હોલ ઉપરના ભાગમાં બાંધકામ કરવાનો પ્રારંભ કરી દીધો. તેની મંગલ શરૂઆત લાભપાંચમના દિવસે થઇ.

શ્રી શાન્તિભાઇ કનેરિયાના સુપુત્ર શ્રી વિજયભાઇ કનેરિયા અને તેમના પત્ની શ્રી સ્મિતાબેનના હાથે પૂજન કરવામાં આવ્યું આ પ્રસંગે કામ કરનાર કારીગરોને તિલક અને તેમના હથિયારો-નું પૂજન કરાયું.

શ્રી પંડિતજીએ શાસ્ત્રોક્તવિધિથી આ વિધિ સંપન્ન કર્યો. બધા જ સાધકોએ ઉપસ્થિત રહી, તે ધાર્મિક વિધિને દીપાવ્યો. □

# સ્વર્ગારોહણના વિવિધ કાર્યક્રમો

તંત્રી

## મિલિટરી ડોક્ટરનો વાર્તાલાપ

અંબાજી કોટેજ હોસ્પીટલમાં સેવા આપતા શ્રી કિરીટકુમાર દવેની મુલાકાત પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે થઇ. વાતચીત દરમ્યાન પૂ. માને જાણવા મળ્યું કે શ્રી દવેભાઇએ અગાઉ મિલિટરીમાં કાશ્મીર અને બંગલાદેશની સરહદે સેવાઓ આપેલી છે. તેથી તેમની પાસેથી ભારતની મીલીટરીની કામગીરી કેવી હોય તેની જાણકારી સાધકોને મળી રહે તે માટે તેમનો ખાસ વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો.

તેઓએ લશ્કરમાં કામ કરતા સૈનિકો અને બીજાઓની જીંદગી અને જોખમો કેવાં હોય છે, તે ઉપર વેધક પ્રકાશ પાડયો. સાધકોએ પણ તેઓને પ્રશ્નો પૂછી ઘણી રસપ્રદ માહિતી મેળવી, પોતાની જીજ્ઞાસા પરિતૃપ્ત કરી.

આ કાર્યક્રમ પૂરા બે કલાક ચાલ્યો. અંતમાં શ્રી સ્વર્ગારોહણના નિદાનયજ્ઞોમાં પોતાની સેવાઓ હમેશાં મળતી રહેશે—એવી ખાત્રી શ્રી દવેભાઇએ પૂ. માને આપી વિદાય લીધી.

## * નિર્ભય માણસ જ સત્યનિષ્ઠ રહી શકે *

જે માણસ નિર્ભય હોય તે બીજાને નિર્ભયતાપૂર્વક સત્યનો રસ્તો બતાવી શકે. અને નિર્ભય હોય તો સત્યનો રસ્તો બતાવતાં બતાવતાં કદાચ કોઇ પણ પ્રકારના દુઃખોનો અનુભવ કરવો પડે તોપણ હસતાં હસતાં દુઃખોનો અનુભવ કરે, પણ સત્યને મૂકી દે નહીં. પરંતુ જે એટલો બધો હિંમતવાળો ન હોય, એટલી બધી આત્મશક્તિથી સંપન્ન ન હોય તે દુઃખથી ડરી જાય, ડગી જાય, પ્રલોભનોથી પરવશ બની જાય, પ્રલોભનોનો શિકાર બની જાય અને શિકાર બની અને પોતાના સિદ્ધાંતોને મૂકી દે, પોતાના આદર્શોનો જપ કરવાનું છોડી દે અને બૂરા માર્ગે જે ચાલતો હોય તેને સાથ પણ આપે. એટલું જ નહીં પોતે પણ બૂરે માર્ગે ચાલવાનું પસંદ કરે. આવી રીતે સંસારની અંદર સિદ્ધાંતનિષ્ઠ રહેનારા માનવો ઘણા ઓછા છે. ખોટું કામ કરે છે તે પણ દોષિત છે, એમાં જે પૂરણી પુરાવે છે તે પણ એટલો જ દોષિત સહયોગી છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * ગુરુપૂર્ણિમાનો મહિમા *

ગુરુપ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ તથા ભાવનાથી ભરેલા ભક્તોને લીધે ગુરુપૂર્ણિમાનો મહિમા વધારે લાગે છે. ગુરુપૂર્ણિમાનું બીજું નામ વ્યાસપૂર્ણિમા પણ છે. એ દિવસે મહર્ષિ વ્યાસનો પ્રાદુર્ભાવ થયેલો એમ કહેવાય છે. મહર્ષિ વ્યાસ ભારતીય સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા તથા પ્રતિનિધિ હોવાથી એ દિવસનો મહિમા ધાર્યા કરતાં ઘણો મોટો કહેવાય, એ દિવસે એની પૂજા થાય અને એમને સમુચિત અંજલિ અપાય એ ઇચ્છવા જેવું, આવકારદાયક, અભિનંદનીય છે. વખતના વીતવાની સાથે મહર્ષિ વ્યાસને બદલે વ્યાસપીઠપર વિરાજેલા કથાકાર કે ઉપદેશક અને પોતપોતાના સદ્‌ગુરુની પૂજાની પ્રથા પ્રવર્તી થઇ હશે. આજે એ પ્રથા સાર્વત્રિક જેવી બની ગઇ છે. એ દિવસને જીવનવિકાસના મહત્ત્વના દિવસ તરીકે માનવો—મનાવવો જોઇએ. ગુરુ કોઇ દૃષ્ટ અથવા અદૃષ્ટ કારણે આપણો સ્વીકાર કરે કે ના કરે તોપણ આપણે એમનો સ્વીકાર કરીએ એટલે થયું. આપણું કાર્ય પૂરું થાય છે. આપણને સદ્‌ગુરુમાં સાચી શ્રદ્ધા હોય એટલે આપણો અંતરંગ વિકાસ સહેલાઇથી થવા લાગે છે. પરમાત્માની પરમ પ્રબળ સનાતન શક્તિ ગુરુના માધ્યમદ્વારા કે અન્ય રીતે આપણી આકાંક્ષાને સંતોષીને આપણને આગળ વધારે છે. એકલવ્ય, સંત કબીર અને અખાએ દિલથી સદ્‌ગુરુની અનિચ્છા હોવા છતાં પણ શિષ્યભાવને આધીન સદ્‌ગુરુને અપનાવ્યા અને ચમત્કારિક પરિણામ મેળવ્યું. કોઇ કોઇનો સાચો શિષ્ય બની શકે તો એનો બેડો પાર થઇ જાય. સવાલ કોઇએ ગુરુ થવાનો નથી સ્વયં શિષ્ય બનવાનો છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.